# B.P. College of Business Administration (BBA)

Sarva Vidyalaya Campus, Sector 23, GH-6 Road, Gandhinagar – 382023
Contact: (079) 23245735
Email : info@bpcba.org

ગાંધીનગર સમાચાર

સરકારી નોકરી માટે તૈયારીઓ કરતા
યુવાનો માટે નિઃશુલ્ક કલાસીસ

# શહેરની બીબીએ કોલેજનો રાજયમાં ડંકો

## પેટલાદ ખાતે યોજાયેલ રાજયકક્ષાના વિદ્યાર્થી સેમિનારમાં બીબીએ કોલેજની ૪ ટીમોએ સુવર્ણચંદ્રક મેળવ્યો : રાજયની ૯ યુનિવર્સિટીની ૨૦ કોલેજના ૩૫૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો

ગાંધીનગર, તા.૪ પેટલાદ ખાતેની એસ.આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ખાતે તાજેતરમાં એક દિવસીય વિદ્યાર્થી પણ સંશોધનની દિશામાં આગે કદમ ભરી દુનિયાના બદલાતા જતા પ્રવાહ સાથે તાલ મિલાવી પોતાનો સર્વાંગી વિકાસ સાધે તેવા ટીમોએ ભાગ લીધો હતો. જે અંતર્ગત કુલ ૮૯ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં જોડાયા હતા. આ સેમિનારમાં બીબીએ કોલેજની ૪ રિસોર્સ મેનેજમેન્ટ તથા માર્કેટીંગ મેનેજમેન્ટ વગેરે અંતર્ગત આવરી લેવાયેલા વિવિધ ટોપિક પર સંશોધનપત્ર રજૂ કરવાના હતા. ઓફ ઈન્વેસ્ટર બિહેવિયર' વિષયે સંશોધન પત્ર રજુ કર્યા હતા. આ ઉપરાંત દ્રષ્ટિ વ્યાસ, રંજન પ્રજાપતિ, પૂનમ પટેલ, વિભા વણકર, હિરેન કિંજલ સુથા તથા સુભાષ ઝાલાની ટીમે 'અ સ્ટડી ઓન અવેરનેસ એન્ડ પર્સેપ્શન એબાઉટ મેઈક ઈન ઈન્ડિયા' વિષયે સંશોધન પત્ર રજૂ





રાજયકક્ષાનો આંતરકોલેજ વિદ્યાર્થી સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં રાજયભરમાંથી ૯ યુનિવર્સિટીની ૨૦ કોલેજના ૩૫૦ હેતુથી પેટલાદની ઈપ્કોવાલા કોલેજ ઓફ કોમર્સ ખાતે તા. ૨જી માર્ચના રોજ રાજયકક્ષાના એક દિવસીય વિદ્યાર્થી સેમિનારનું આયોજન ટીમોએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા કુલ ૪ ગોલ્ડમેડલ પ્રાપ્ત કરી ગાંધીનગરનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થીઓના અત્યંત પ્રભાવશાળી પ્રદર્શનના બીબીએ કોલેજની વિજેતા ટીમોએ રજૂ કરેલા સંશોધનપત્રોમાં નેહા પ્રણામી, કાજલ પરમાર, રાહુલ પરમાર, વિરલ રાણા, આરાધના

'વિદ્યાર્થીઓએ તેમનામાં રહેલા આગવા કૌશલ્યનું પ્રદર્શન કર્યું છે.



બીબીએ કોલેજ હંમેશા વિદ્યાર્થીઓમાં રહેલી ક્ષમતાને ઓળખી તેમની જરૂરિયાત મુજબનું વાતાવરણ અને પ્લેટફોર્મ પુરું પાડે છે. જેથી તેમની સ્કીલ વધુ સારી રીતે નિખરી શકે. આ સ્પર્ધામાં બીબીએ કોલેજના ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન.'

- ડૉ. રમાકાન્ત પૃષ્ટિ, આચાર્ય



'શોધ-સંશોધન કૌશલ્ય વિદ્યાર્થીઓમાં વિકસશે તો તેઓ કોર્પોરેટ જગત સાથે તાલ મિલાવી શકશે. કોર્પોરેટ જગતમાં એનાલિટીકલ સ્કીલનું ખૂબ મહત્વ હોય છે. જેમાં શોધ સંશોધન પ્રવૃત્તિ મહત્વની અને ખુબ ઉપયોગી નિવડે છે.

# ગુજરાત સ્થાપના દિવસની બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ઉજવણી






ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજઓફ બીજનેસ એડમીનીસ્ટ્રેશન(બીબીએ) ના વિદ્યાર્થીઓ દ્વારા વેકેશન દરમ્યાન ગુજરાત રાજ્ય ના સ્થાપના દિવસ ની ઉજવણી કરી હતી. જેમાં કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ પ્લેસમેંટ અને ટ્રેનિંગ કમિટિ નાં હેડ ડો.જયેશ તન્ના સહીત કોલેજ ના અધ્યાપક ગણ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી એ વિદ્યાર્થીઓ ને તેમના પ્રેરક ઉદબોધન માં ગુજરાત એક સફળ અર્થતંત્ર કેમ બની શક્યું છે. તેના પર વિશેષ ભાર મુક્યો હતો. તેમજ ગુજરાત ના આર્થિક વિકાસ દર ની અન્ય રાજયો સાથે સરખામણી અને ગુજરાત ના અનેક હકારાત્મક પાસાઓની છણાવટ કરી હતી.તેમજ વિદ્યાર્થીઓ ને પણ આ વિકસિત રાજયની ઉત્તરોતર પ્રગતિની યાત્રામાં ઉત્સાહપૂર્વક જોડવા ઈજન આપ્યું હતું. અને વ્યક્તિગત વિકાસ માં પણ એટલી ઉંચાઈ મેળવો કે રાજય ના ગૌરવ માં વધારો થાય.ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓ ને ગુજરાતી વિશ્વમાં જ્યાં પણ હોય બેસ્ટ મેનેજમેન્ટ કરી શકેછે.તેની વિસ્તૃત માહિતી આપી હતી.ગુજરાતી ઉધોગ સાહસિક તરીકે દુનિયામાં પોતાની નામના ધરાવે છે. એવી રીતે વિદ્યાર્થીઓને મેનેજમેન્ટ ના પાઠ ભણી ગુજરાત માટે કાર્યરત રહી હંમેશા સફળતા તરફ અગ્રેસર રહેવા જણાવ્યું હતું. ડો.નીરવ જોશી દ્વારા રાજ્ય ના સ્થાપના સમય ના વિવિધ પ્રસંગો વિદ્યાર્થીઓ ને રસપ્રદ રીતે જણાવવા માં આવ્યા હતા.ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સમગ્ર કાર્યક્રમ નું સંચાલન કરતા કરતા ગુજરાત ના સ્થાપના થી લઈ સાંપ્રત સમય સુધી ની આર્થિક તેમજ રાજકીય સફર બાબતે રસપ્રદ છણાવટ કરી હતી. પ્રો.મેથ્યુ જોહન તેમજ પ્રો.નિવેદિતા રાવલ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. અને પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.

વિદ્યાર્થીઓ એ આજ ના દિવસે ગુજરાત ની સ્થાપના માટે બલિદાન આપનાર નામી અનામી સૌ પ્રત્યે કૃતજ્ઞતા નો ભાવ વ્યક્ત કર્યો હતો. અને ગાંધીજી, સરદાર સાહેબ, રવિશંકર મહારાજ, ઈન્દુલાલ યાજ્ઞિક સહીત વિવિધ ક્ષેત્ર ના બેસ્ટ ગુજરાતીઓ ને યાદ કર્યા હતા. વિદ્યાર્થીઓ ને આજના દિવસે મહારાષ્ટ્ર રાજ્ય ના સ્થાપના દિવસ તેમજ વિશ્વ શ્રમ દિવસ બાબતે પણ માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. કોલેજ દ્વારા અભ્યાસ ની સાથે સાથે રાજ્ય તેમજ રાષ્ટ્ર પ્રત્યે તમામ નાગરિકો ની ફરજ માટે વિદ્યાર્થીઓ માં જાગૃતિ લાવતા કાર્યક્રમો અવાર નવાર યોજવા બદલ આંનદ ની લાગણી વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમ કોલેજ ના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ તેમજ ડો.જયેશ તન્ના ના માર્ગદર્શન હેઠળ ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવા માં આવ્યો હતો.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજ ખાતે પાણી બચાવો-પક્ષી બચાવો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરની બીબીએ કોલેજ ખાતે 'પાણી બચાવો-પક્ષી બચાવો' બાબતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાત રાજયમાં સર્જાયેલી જળ સંકટની સ્થિતિમાં મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ કેવી રીતે જળનિયમન કરવું તે અંગે આ સેમિનારમાં માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રમાકાંત પૃષ્ટિએ દેશમાં પ્રવર્તમાન અર્ધદુષ્કાળ જેવી સ્થિતિમાં પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ માટે વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય વકતા ડૉ. જયેશ તન્નાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ વેકેશનમાં હકારાત્મક પ્રવૃત્તિઓમાં જોડાવું જોઈએ. આ સાથે તેમણે સૌરાષ્ટ્ર-કચ્છમાં પ્રવર્તમાન પાણીની સમસ્યા અંગે માહિતી આપવા સાથે મનુષ્ય ઉપરાંત પશુ પંખીને પણ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જરુરી હોવાનું જણાવ્યું હતું.



આ સેમિનાર થકી વિદ્યાર્થીઓએ વેકેશનમાં પોતાના રહેઠાણની આસપાસમાં નાગરિકોને પાણીનો વ્યય ના કરવા સમજાવવાનો નિર્ણય કર્યો હતો તેમજ પક્ષીઓ માટે પાણીના કુંડા અને પક્ષી માળા બનાવી પક્ષીઓને બચાવવા પ્રયત્ન કરવા નિર્ધાર કર્યો હતો. કાર્યક્રમમાં કોલેજના ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા પણ વિદ્યાર્થીઓને પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા માર્ગદર્શન પુરૂં પડાયું હતું.

રવિવાર તા. ૨૭-૦૫-૨૦૧૮

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા

# શ્રી અરવિંદ સાધના કેન્દ્ર ખાતે એક દિવસીય વર્કશોપ યોજાયો



(પ્રતિનિધિ) ગાંધીનગર

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને વેકેશન માં યોગ, અધ્યાત્મ, ધ્યાન જેવી બાબતનું માર્ગદર્શન મળે તેમજ તેઓને યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આ બાબતો ઉપયોગી સાબિત થાય તેવા ઉમદા હેતુથી અત્રેની બીબીએ કોલેજ સમયાંતરે વિદ્યાર્થીઓને શ્રી અરવિંદ સાધના કેન્દ્રની એક દિવસીય શિબિરનું આયોજન કરે છે. સવારના ૧૧.૦૦ વાગ્યા થી લઈ ૧.૦૦ વાગ્યા સુધી વિદ્યાર્થીઓએ મહર્ષિ શ્રી અરવિંદ, શ્રી માતાજી તેમજ પૉંડીચેરી આશ્રમ, ઓરોવીલ્લ,આદર્શ બાળક.જેવા અનેક વિષયો પર પોતાના વિચારો રજુ કર્યા હતા.ત્યાર બાદ શ્રીઅરવિંદ સાધના કેન્દ્ર તરફથી ડો.સી.કે.તન્ના દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.મ હર્ષિ શ્રીઅરવિંદ ની વાત કરીએ તો તેમણે બાળપણ થી જ ખુબ સુંદર કવિતાઓની રચના કરેલ ત્યારબાદ વિદ્યાર્થીઓએ વકતવ્યો રજુ કર્યા હતા.

જેમાં વિદ્યાર્થીઓ એ પોતાના મૌલિક વિચારો રજુ કર્યા આજના ડીજીટલ યુગમાં વ્યક્તિને મનની શાંતિ મેળવવી હશે તો આવા કોઈ પવિત્ર સ્થાન પર મળશે.જ્યાંથી સમગ્ર દુનિયાની ભાગદોડમાં માણસ માં ડીપ્રેશન,સ્ટ્રેસ સહીત માનસિક તેમજ શારીરિક સમસ્યાઓ સામે આવે છે. જેનું સમાધાન યોગ,ધ્યાન તેમજ તેને સંલગ્ન પ્રવૃતિઓથી થઈ શકે છે. આથી વ્યક્તિને માનસિક રીતે મજબુત થવા ઉપરોક્ત પ્રવૃતિઓમાં જોડાવું જોઈએ. કોલેજ તરફથી કાર્યક્રમનું સંચાલન ડો.આશિષ ભુવા દ્વારા કરવામાં આવ્યું હતું.

સમગ્ર શિબિરને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડો.રમાકાન્ત પૃષ્ટિ નાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિનાં ઈંચાર્જ ડો.જયેશ તન્ના તેમજ બીબીએ કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

તા. ૨૭-૬-૨૦૧૮, બુધવાર ગાંધીનગર સમાચાર

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા "ડેવલપીંગ ઈન્ટર-પર્સનલ સ્કીલ" વિષયે વર્કશોપ



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) દ્વિતીય વર્ષના ૧૪૧ વિદ્યાર્થીઓ માટે તેમની સફળ કારકિર્દીના ઘડતર માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તજજ્ઞ વકતા શીઝલ શાહ દ્વારા વિદ્યાર્થીઓને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. વકતા દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દી ના ઘડતર માટે પહેલા આંતરિક રીતે વ્યકિત નો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા કઈરીતે અગ્રેસર થઈ શકેતે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી.

મેનેજમેન્ટના ક્ષેત્રમાં ખુબ ઉજવવળ તકો છે. પરંતુ વિદ્યાર્થી ને પોતાની રૂચી તેમજ તેની આવડત ને આધારે કારકિર્દી ઘડતરનો મહત્વ નો નિર્ણય લેવો જોઈએ. સાથેસાથે વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યું માટેની તૈયારી બાબતે પણ ખુબ ઉપયોગી માર્ગદશન આપ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ની બીબીએ કોલેજ વિદ્યાર્થીઓ ને પ્લેસમેન્ટ તેમજ ઈન્ટર્નશીપ બાબતે વર્ષપર્યંત પ્રયત્નશીલ રહે છે.વિદ્યાર્થીઓ એ તેમના અભિપ્રાય માં જણાવ્યું હતું કે આ વર્કશોપ તેઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે.

સમગ્ર વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના, પ્રો. શીતલ પટેલ, પ્રો. જાનકી દવે દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સમાચાર

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા

# એચ. આર. અંતર્ગત "ટ્રેનીંગ એન્ડ ડેવલોપમેન્ટ" બાબતે વર્કશોપનું આયોજન





ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના તૃતીય વર્ષના ૧૮૦ વિદ્યાર્થીઓ માટે એચ.આર. ક્ષેત્રે સફળ કારકિર્દીના ઘડતર માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શૈલેશ ચોરસિયા, સીનીયર મેનેજર (મેક્સલાઈફ ઈન્શ્યોરન્સ) દ્વારા વિદ્યાર્થીઓને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજ તરફથી પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના દ્વારા મુખ્ય વક્તાને આવકારવા માં આવ્યા હતા તેમજ તેમનો પરિચય આપ્યો હતો. શૈલેષભાઈ દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દી ના ઘડતર માટે પહેલા આંતરિક રીતે વ્યક્તિનો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા કઈ રીતે અગ્રેસર થઈ શકે તે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી. સાથે સાથે વિદ્યાર્થીઓ ને ઈન્ટરવ્યું માટેની તૈયારી બાબતે પણ ખુબ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ની બીબીએ કોલેજ વિદ્યાર્થીઓ ને પ્લેસમેન્ટ તેમજ ઈન્ટર્નશીપ બાબતે વર્ષ પર્યંત પ્રયત્નશીલ રહે છે. સાથે સાથે સમગ્ર વર્ષ દરમ્યાન અભ્યાસક્રમ ની સાથે સાથે વિવિધ વિષયો પર ગુણવત્તા સભર તાલીમ વર્ગ નું પણ આયોજન કરે છે. જે તેઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે. સમગ્ર વર્કશોપનું આયોજન કોલેજ નાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ ડો. જયેશ તન્ના, પ્રો. અમિતા પ્રજાપતિ, ડો. આશિષ ભુવા દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

 ગાંધીનગર સમાચાર

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીબીએ કૉલેજમાં વ્યક્તિત્વ વિકાસ અને તાલીમ વિષયે વર્કશૉપ





ગાંધીનગર, તા. ૨

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે દ્વિતીય વર્ષ ના ૧૫૦ વિદ્યાર્થીઓ માટે વર્કશૉપનું આયોજન કરવા માં આવ્યું હતું. કોલેજના પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી ના હેડ ડૉ.જયેશ તન્ના સાહેબ દ્વારા મુખ્ય વક્તા મનોજ પાત્રા સાહેબ (ડેવલોપમેન્ટ ઓફિસર, એલ.આઈ.સી.-ગાંધીનગર) ને કોલેજ વતી આવકાર્યા હતા.ત્યારબાદ વિદ્યાર્થીઓને આજના વિષયની માહિતી આપી હતી. તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી. ત્યારબાદ મુખ્ય વક્તા દ્વારા વિદ્યાર્થીઓને સફળ આંત્રપેન્યોર બનવા માટે માર્ગદર્શિત કર્યા હતા.સફળ કારકિર્દી ના ઘડતર માટે વિદ્યાર્થીઓ ને ઈફેક્ટીવ કમ્યુનીકેશન સ્કીલ ડેવલોપ કરવા માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વિવિધ ઉદાહરણો તેમજ તેમના સ્વાનુભવ થી સરળ તેમજ સફળ કમ્યુનીકેશન માટેની ટીપ્સ આપી હતી. મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ સફળ આંત્રપેન્યોર બની શકે તે માટે તેમનો અભ્યાસક્રમ પણ તેમને ઉપયોગી થાય છે. તેઓ શ્રી એ જણાવ્યું કે કોલેજે વિદ્યાર્થીઓ નાં વ્યક્તિત્વ વિકાસ માટે સતત ચિંતિત રહે છે અને આવા સેમીનાર નું આયોજન કરે છે તે પ્રશંસનીય બાબત છે. મનોજ પાત્રા સાહેબ લાઈફ ઈન્શ્યોરન્સ ક્ષેત્ર સાથે સંકળાયેલા હોવાથી વિદ્યાર્થીઓને વીમાક્ષેત્ર,બેન્કિંગ ક્ષેત્ર બાબત ની ઉપયોગી માહિતી આપી હતી. સાથે-સાથે વિદ્યાર્થીઓ ને તેમના લક્ષ્ય નિર્ધારણ માટે માર્ગદર્શન આપ્યું હતું. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ બાબતે તેમજ વિવિધ પરીક્ષાઓ માં પૂછવા માં આવતા અભ્યાસક્રમ બાબતે ઉપયોગી છણાવટ કરી હતી. કાર્યક્રમ ના અંતે પ્રો. પ્રિન્સી મેકવાન દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ ડૉ.રમાકાન્ત પૃષ્ટિ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો. આશિષ ભુવા તેમજ પ્રો.પ્રિન્સી મેકવાન દ્વારા સફળતા પૂર્વક યોજવા માં આવ્યો હતો.

# બીબીએ કોલેજ દ્વારા રીસર્ચ મેથોડોલોજી વિષય પર વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) ના તૃતીય વર્ષના ૧૮૦ વિદ્યાર્થીઓ માટે "રીસર્ચ" ક્ષેત્રે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. લિઝી ડેનીસ (અધ્યાપક, સેન્ટ્રલ યુનીવર્સીટી-ગાંધીનગર) દ્વારા વિદ્યાર્થીઓને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજ તરફથી પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના દ્વારા તેઓને આવકારવામાં આવ્યા હતા તેમજ રીસર્ચના વિષય શિક્ષક તરીકે રીસર્ચનું કોર્પોરેટ જગતમાં તેમજ પોતાના ધંધામાં યોગદાન વિષે સમજ આપી હતી અને ત્યાર બાદ આજના તજજ્ઞ વક્તાનો પરિચય આપ્યો હતો.

મુખ્યવક્તા દ્વારા વ્યક્તિનો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા કઈ રીતે અગ્રેસર થઈ શકે તે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી. ત્યારબાદ આજના મુખ્ય વિષય "રીસર્ચ મેથોડોલોજી" બાબતે વિદ્યાર્થીઓને ઊંડાણ પૂર્વક સમજ આપી હતી જેમાં રીસર્ચનું મહત્વ, તેના હેતુઓ સ્પષ્ટ કરવા તેમજ રીસર્ચ ના પ્રકારો બાબતે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સાથે-સાથે રીસર્ચ કાર્યમાં પ્લેગરીસમનો અર્થ સમજાવ્યો હતો તેમજ કઈ રીતે પ્લેગરીસમ ટેસ્ટ થાય તેમજ યોગ્ય રીસર્ચ માટે તેમાંથી બચવા માર્ગદર્શિત કર્યા હતા. રીસર્ચ બાબતે શીર્ષકની પસંદગી અને તેમાં રાખવી પડતી ચોકસાઈની વિગતો વિદ્યાર્થીઓને આપી હતી. તેમણે શ્રેષ્ઠ કારકિર્દી ઘડવા માટે પહેલાથી જે તે ક્ષેત્ર માટે પરતી સમજ કેળવવી જોઈએ તેમ ખુબ ઉજજવળ તકો છે જેનો વિદ્યાર્થીઓ મહત્તમ ઉપયોગ કરવો જોઈએ.



વર્કશોપના આખરી પડાવમાં તૃતીય વર્ષના વિદ્યાર્થી તેમજ આજના તજજ્ઞ વક્તા ડો. લિઝી ડેનીસએ પોતાના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.બી.એ. કોલેજ રીસર્ચ જેવા ઉદ્યોગિક જગતમાં ઉપયોગી વિષય કોર્ષના ભાગ રૂપે ભણાવે છે તેમજ તેની પ્રાયોગિક તાલીમ માટે તજજ્ઞ વક્તાને આમંત્રિત કરી અને તેના વિશિષ્ઠ જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓને અપાવે છે તે વિદ્યાર્થીઓ માટે ગૌરવની બાબત છે. સમગ્ર વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો. જયેશ તન્ના. ડો.

તા. ૧૩-૭-૨૦૧૮, શુક્રવાર 3 ગાંધીનગર સમાચાર

# ઈન્ટરનેશનલ ફીનાન્સ અને વર્કિંગ કેપિટલ વિષય પર બીબીએ કૉલેજ ખાતે વર્કશોપ

ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન કરવા માં આવ્યું હતું. જેમાં ૨૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્કશોપના મુખ્ય વક્તા સુનીલ ઉપાધ્યાય ૨૦ વર્ષનો કોર્પોરેટ ક્ષેત્રનો અનુભવ ધરાવે છે અને હાલ તેઓ લેમીટ્યુડસ.લી.-દુબઈ ખાતે ડાયરેક્ટરની ભૂમિકા ભજાવે છે. હાલ માં તેઓ લેમીટ્યુડસ.લી-ઝી ગૃપનાં ૧૮ આંતરરાષ્ટ્રીય પ્લાન્ટનું ઈન્ટરનેશનલ ફાયનાન્સ અને વર્કિંગ કેપિટલનું સમગ્ર કામ સંભાળે છે. મુખ્ય વક્તાએ વિદ્યાર્થીઓને વર્કિંગ કેપિટલ બાબતે ઉંડાણપૂર્વક સમજ આપી હતી. જેમાં વર્કિંગ કેપિટલનો અર્થ અને તેના વિવિધ પ્રકાર સમજાવ્યા હતા તેમજ વર્કિંગ કેપિટલ ને અસરકર્તા વ્યવસાયલક્ષી તેમજ આર્થિક પરિબળો બાબતે તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. વર્ચ્યુઅલ કંપની બનાવવા માટે તમામ પ્રક્રિયા વિદ્યાર્થીઓ સમક્ષ વર્ણવી હતી. સાથે-સાથે વિવિધ ક્ષેત્રમાં વ્યવસાય માટે ઉપલબ્ધ તકો અને મેનેજમેન્ટના વિદ્યાર્થીઓની આ તમામ ક્ષેત્રમાં પ્રાથમિકતા બાબતે સુંદર સમજ આપી હતી.

કોઈપણ પ્રોડક્ટ પસંદ કર્યા બાદ તેમાં જરૂરી ટેકનોલોજી, ઉપલબ્ધ વિકલ્પો તેમજ બજાર અને ગ્રાહક નો ઉપલબ્ધ વર્ગ તેની ખરીદશક્તિ તેમજ કંપનીના વિવિધ પ્રકારો તેના ફાયદા વગેરેની સંપૂર્ણ માહિતી મેળવ્યા બાદ કંપનીનું નામ કરણ તેમજ તેના બેંક એકાઉન્ટ અને બેંક વ્યવહારો બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા સાથે-સાથે ધિરાણ મેળવવા માટે કંપનીએ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવો પડે જેના આધારે ધિરાણ મેળવી શકાય.

ગાંધીનગર સમાચાર

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.બી.એ કોલેજના

# પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને આવકારવા "પ્રારંભ" કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન(બી.બી.એ)માં સતત ૨૦મી બેચમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓ માટે સ્વાગત કાર્યક્રમનું આયોજન થયું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીક જાણીતા કટાર લેખક તેમજ યુવાશક્તિ માટે પ્રેરક વક્તા મનોજ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યુવા વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, યુનિવર્સીટી તેમજ કોલેજનો તલસ્પર્શી પરિચય આપવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને ત્રણ વર્ષમાં અનેક ક્ષેત્રે પ્રગતિ કરવા માટે ઉત્સાહિત કર્યા હતા અને વિદ્યાર્થીઓને કોલેજની ગૌરવશીલ બાબતોને ધ્યાનમાં રાખી સફળ બનવા પ્રેરણા આપી હતી. ડો.જયેશ તન્ના દ્વારા કાર્યક્રમ ની આભાર વિધિ સાથે વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા કેળવવા માટે ઈજન પૂરું પડતું વક્તવ્ય આપ્યું હતું. જ્વેલરી વર્કશોપ માં સહયોગી તજજ્ઞ મિત્તલ પટેલ, કલ્પેશભાઈ, અમર ચૌધરીનું આ પ્રસંગે સન્માન કર્યું હતું. કોલેજ તરફ થી ડો.નીરવ જોશી દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવા માં આવ્યું હતું.

દ્વિતીય અને તૃતીય વર્ષનાં વિદ્યાર્થીઓ દ્વારા ખુબ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ તેમના પ્રથમ વર્ષનાં મિત્રોના સ્વાગત માટે પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. કોલેજમાં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓએ પણ ધમાકેદાર રજુઆતો કરી હતી. પ્રથમ વર્ષના કુલ ૩૫ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો જયારે દ્વિતીય અને તૃતીય વર્ષના ૨૦ વિદ્યાર્થીઓ તેમના નવા સાથી મિત્રોને આવકારવા સુંદર રજૂઆત કરી હતી. કાર્યક્રમના હાર્દ સમી મિસ્ટર પ્રારંભ તેમજ મિસ પ્રારંભની સ્પર્ધામાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હેમલ ખત્રી તેમજ કુશલ બોરડને પ્રથમ વર્ષમાંથી મિસ પ્રારંભ તેમજ મી પ્રારંભ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. પ્રથમ વર્ષના તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કુલ ૫૦ રજુઆતો વિદ્યાર્થીઓ દ્વારા ગ્રુપમાં અથવા વ્યક્તિગત રીતે કરવામાં આવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે હાર્દિકા શુક્લ તેમજ પ્રો. રાકેશ ભટનાગર દ્વારા પ્રશંસનીય સેવા આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ, ડો. જયેશ તન્ના તેમજ ડો. નીરવ જોશી સહિતત કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સમાચાર

## વુમન આંત્રપેન્યોર માટે સફળ કારકિર્દીનો શ્રેષ્ઠ વિકલ્પ વિષય અંતર્ગત

# બીબીએ કૉલેજ ખાતે ત્રિદિવસીય તાલીમ શિબિર



ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજ તરફથી ડૉ .જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને સમગ્ર સેમેસ્ટરમાં થનાર વિવિધ વર્કશોપમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ હમેશા નવીનતમ બાબતો મેળવવા તત્પર રહેવા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.

વર્કશૉપના તજજ્ઞ તરીકે મિત્તલબેન પટેલ તેમજ કલ્પેશભાઈ પટેલને આમંત્રિત કરાયા હતા. જેઓ બીબીએ કોલેજના જ ભૂતપૂર્વ વિદ્યાર્થીની છે. આ વર્કશૉપમાં જેમાં રેશનમેકિંગ જવેલરી, સિલ્ક જ્વેલરી, નેટ જ્વેલરી જેવી અલગ અલગ પ્રકારની જવેલરી બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. તાલીમાર્થી વિદ્યાર્થીનીઓ દ્વારા જણાવાયું હતું કે તેઓને આ ત્રણ દિવસના તાલીમ વર્ગમાં ખૂબ શીખવા મળ્યું તેમજ અભ્યાસની સાથેસાથે આ અર્થોપાર્જનનો આ ખુબ સુંદર વિકલ્પ છે. જેનાથી પરિવારની આવક પણ વધશે અને અભ્યાસમાં કોઈ તકલીફ પણ નહી આવે. સાથેસાથે કેટલીક વિદ્યાર્થીનીઓએ અભ્યાસ પૂર્ણ થયા બાદ જ્વેલરીના ક્ષેત્રમાં કારકિર્દી ઘડવા માટે તૈયારી દર્શાવી હતી. જેઓ આગામી દિવસમાં વધુ તાલીમ મેળવી આ ક્ષેત્રમાં આગળ વધશે. તમામ તાલીમાર્થીઓએ કોલેજ પરિવારનો આભાર માન્યો હતો.

સમગ્ર કાર્યક્રમ ડૉ. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ દ્વારા સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર સમાચાર

# રેઝ્યુમે મેકિંગ વિષય પર બીબીએ કૉલેજ ખાતે વર્કશોપ



ગાંધીનગર, તા. ૨૪
કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે તૃતીય વર્ષ ના વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત વિષય પર વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ અંતર્ગત મુખ્ય વકતા સિઝલ શાહ દ્વારા વિદ્યાર્થીઓને રિઝ્યુમ બનાવવા માટેના તમામ પાસાઓની ઊંડાણપૂર્વક સમજ આપી હતી. ક્યાં પ્રકાર ની માહિતી નો ઉલ્લેખ રેઝ્યુમ માં ન હોવો જોઈએ તમજ ક્યાં પ્રકાર ની માહિતી હોવી જરૂરી છે તે સમજાવ્યું હતું. પ્રાથમિકતામાં કઈ માહિતી મુકવી ક્યા ફોરમેટમાં મુકવી આ તમામ તકનીકી બાબતો ઉપર ખુબ રસપ્રદ માહિતી વિદ્યાર્થીઓએ મેળવી હતી.

### ી.બી.એ. કોલેજ તેમજ ICICI ડાયરેક્ટના સંયુક્ત ઉપક્રમે વુમન એન્ટપ્રેન્યોરશીપ અંતર્ગત "અર્નિંગ વિથ લર્નિંગ" વિષય પર વર્કશોપ યોજાયો

# ઝીરો રૂપિયાના રોકાણ સાથે એન્ટરપ્રેન્યોર બનવાની ઉજવવળ તક




ગાંધીનગર, તા. ૦૧
ગાંધીનગર ની કડી સર્વ ‌વેશ્વ વિદ્યાલય સંલગ્ન ી.પી.કોલેજ ઓફ બીઝનેસ ‌ેડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) ‌ારા ડાયનેમીક્સ ઓફ કેપિટલ ‌ાર્કેટ ઇન ઇન્ડિયા વિષય પર ‌ર્કશોપનું આયોજન થયું હતું. વર્કશોપ માં બીબીએ ની કુલ ૧૯૫ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીનીઓને તેમના અભ્યાસક્રમ નાં ભાગરૂપે ભણતા ફાઈનાનસીયલ મેનેજમેન્ટ વિષયની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી જેમાં ભારતીય અર્થતંત્રની ફાઈનાન્શીયલ સીસ્ટમમાં કેપિટલ માર્કેટ તેમજ મની માર્કેટનું કેવું મહત્વપૂર્ણ યોગદાન છે, તેની વિસ્તુત માહિતી આપવા માં આવી હતી. ICICI ડાયરેક્ટ તરફથી ઝંખના શ્રીવાસ્તવ (આસીસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ,માર્કેટિંગ) ખાસ મુબઈ થી વિદ્યાર્થીનીઓ ને તાલીમ આપવા ગાંધીનગર આવ્યા હતા. તેમજ તેમની સાથે તજજ્ઞ આશિષ મુંબઈ વાલા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ખૂબ અસરકારક રીતે ફાઈનાન્સ મેનેજમેન્ટ, કેપિટલ માર્કેટ અને સ્ટોક માર્કેટની ખૂબ ઊંડાણ પૂર્વક સમજ આપી હતી.

ડો. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીનીઓ ને NSF પરીક્ષા માટે તૈયાર કર્યા અને મોક પરીક્ષા તૈયારી બાબતે માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ નું આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, ટ્રેનીંગ અને પ્લેસમેન્ટના હેડ ડો. જયેશ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે સાથે વિદ્યાર્થીઓનો પ્રતિભાવ લેવામાં આવતાં વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે તેઓને વર્કશોપ દ્વારા ફાઈનાન્સ વિષયનું ખુબ ઊંડાણ પૂર્વક પ્રાયોગિક જ્ઞાન મળ્યું હતું જે તેઓને તેમની વ્યવસાયિક કારકિર્દીમાં ઉપયોગી સાબિત થશે.

 ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજ દ્વારા મુન્દ્રા બંદરની ઔદ્યોગિક મુલાકાત



ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર, સેક્ટર-૨૩માં આવેલી બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશનના સેમેસ્ટર-૬ના ૭૮ વિદ્યાર્થીઓએ કચ્છ જીલ્લામાં આવેલ મુન્દ્રા પોર્ટની બે દિવસીય મુલાકાત લીધી હતી. ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત પહેલા પૂરુરાજસિંહ ઝાલાએ અદાણી ગ્રુપ વિષે સંપૂર્ણ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કુલ પાંચ ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત લેવામાં આવી હતી જેમા ૧૩૭ સ્કવેર કિલોમીટર SEZ તેમજ ૯ સ્કવેર કિલોમીટર વેસ્ટ પોર્ટની મુલાકાત લીધી હતી, જેમા વિદ્યુત પ્લાન્ટ, ઓઈલ રીફાઈનરી પ્લાન્ટ તેમજ મુખ્ય પોર્ટનો સમાવેશ થાય છે. પ્રથમ દિવસે મનોહરસિંહ ગોહિલે વિદ્યાર્થીઓની સાથે રહી અદાણી પોર્ટના વિવિધ કાર્યો, પોર્ટનું ભારત દેશના વિકાસમા મહત્વ, તેમજ પોર્ટનું સંચાલન અને વહીવટ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને પોર્ટની મુલાકાત દરમિયાન ઊંડાણપૂર્વક સમજ આપી હતી. શાંતિ વિહારમાં ચંદકાંત પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને રાત્રે ભોજન બાદ સાંસ્કૃતીક કાર્યક્રમ માટે જરૂરી વ્યવસ્થા કરી આપી અને કાર્યક્રમમાં પણ હાજર રહ્યા હતા. બીબીએ નાં વિદ્યાર્થીઓ દ્વારા સંગીત વાદન, નૃત્ય અને ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ઔદ્યોગિક મુલાકાતનાં બીજા દિવસે અદાણી વેસ્ટ પોર્ટ તેમજ અદાણી પાવર લિમિટેડ કે જે ભારતનો પ્રાઈવેટ ઓનર બેઈઝ પ્રથમ અને એશિયનો બીજા ક્રમે આવતો પાવર પ્લાન્ટ છે કે જે ૪૬૨૦ મેગા વોટ પાવર પ્રોડક્શનની ક્ષમતા ધરાવે છે તેની મુલાકાત લીધી હતી, વિદ્યુત ઉત્પાદનનાંબધ્ધે પ્રકાર તેમજ તેના તમામ તબક્કાઓ બાબતે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યુ હતુ. આ વિઝિટ ને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃથીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના હેડ પ્રો જયેશ તન્ના, પ્રો. આશિષ ભુવા અને પ્રો. પ્રીતેશ સોલંકી દ્વારા સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવી હતી.

ગાંધીનગર સમાચાર

# વૃક્ષયાત્રામાં બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન તેમજ



વનશ્રી સંસ્થા ના કાર્યકર્તાઓ ગુજરાત સરકાર આયોજિત વનમહોત્સવ માં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. બીબીએના વિદ્યાર્થીઓએ ગાંધીનગરના તમામ સેકટરમાં ઘર ઘર સુધી યાત્રાના ભાગ રૂપે પંહોચી લોકોને વૃક્ષના છોડ આપ્યા હતા. તેમજ કેટલાક જાહેર સ્થળો જેમકે મંદિર, શાળાઓમાં પણ વૃક્ષારોપણ કર્યું હતું. વનવિભાગ દ્વારા તમામ છોડ નાગરિકોને વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવતા વિદ્યાર્થીઓનો તેમજ તમામ ગાંધીનગર વાસીઓનો વૃક્ષારોપણ માટેનો ઉત્સાહ જોતા જ ઉર્જા અનુભવાતી હતી. લોકો છોડ પ્રેમપૂર્વક લઈ જતા હતા. અને તેઓ ને છોડ રોપણી બાબતે માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓએ પર્યાવરણની જાળવણી માટે વૃક્ષ બચાવવા અનિવાર્ય છે. તેથી નાગરિકોને આ બાબતે વધુ પ્રયત્નશીલ બનવા અપીલ કરી હતી. અને લીમડો, આસોપાલવ, તુલસી, ગુલમહોર, સેવંત જેવા છોડની રોપણી કરી હતી. વિદ્યાર્થીઓએ સમગ્ર યાત્રા દરમ્યાન સુત્રોચ્ચાર દ્વારા વાતાવરણ જીવંત બનાવી દીધું હતું.

સમગ્ર કાર્યક્રમમાં જિલ્લા વનસંરક્ષક અતુલ અમીન તેમજ બી.એન.દેસાઈ વન વિભાગ તરફથી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા.

વૃક્ષયાત્રામાં વિદ્યાર્થીઓને જોડવા માટેનું આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના, ડો. માર્ગી દેસાઈ, પ્રો. નિવેદિતા રાવલ, પ્રો. શીતલ પટેલ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓની હાર્ટફૂલનેસ સંસ્થામાં સફળ ઈન્ટર્નશીપ



કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના ૬૩ વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય સેમીનારમાં ઈન્ટર્નશીપ માટે તેલંગાણા સ્થિત હૈદરાબાદ જીલ્લામાં આવેલ કાન્હા ખાતે સફળતાપૂર્વક સંપન્ન કરી હતી. મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ ઉપરોક્ત ઈન્ટર્નશીપ માં પસંદગી પામ્યા તે કોલેજ માટે ગૌરવ ની બાબત છે. વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ પરત આવ્યા બાદ તેઓના પ્રેજન્ટેશન કોલેજ દ્વારા રાખવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ પોતે મેળવેલી તાલીમ બાબતે ઓડિયો વિઝ્યુઅલ તેમજ તેમના અનુભવોની મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. કોલેજ તરફથી આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિ તેમજ ઉપાચાર્ય પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓ ને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ હર હમેશ નવીન તક માટે તત્પર રહેવા જણાવ્યું હતું. જ્યારે ડૉ. જયેશ તન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ ના પ્રેઝન્ટેશન બાબતે ઉપયોગી સૂચનો કર્યા હતા. અને કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજ દ્વારા 'એક્સ્પોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન'કોર્સની ત્રીજી બેચની શરૂઆત





ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા ધો.૧૨ ઉતીર્ણ વિદ્યાર્થીઓ માટે ૨ મહિનાનો સર્ટીફીકેટ કોર્સ શરુ કરવામાં આવ્યો જેમાં હાલ ૨૦ વિદ્યાર્થીઓ જોડાઈ ચુક્યા છે.તેમજ અનેક વિદ્યાર્થીઓએ જોડવા માટેની ઉત્સુકતા દર્શાવી છે. બેચની શરૂઆત આચાર્યશ્રી ડો રમાકાંત પૃષ્ટિ સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. તેઓએ વિદ્યાર્થીઓને સાંપ્રત સમયની માંગ મુજબનો સર્ટીફીકેટ કોર્સ પસંદ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.તેમજ વિદ્યાર્થીઓ આ કોર્સમાં આવરી લેવામાં આવતા તમામ મુદ્દાઓની ઉત્કૃષ્ટ તાલીમ મેળવી તેમના વ્યવસાયિક જીવનમાં તેનો ઉપયોગ કરે.તેવી શુભકામના પાઠવી હતી.

વધુમાં તેઓએ એક્સપોર્ટ ડોક્યુમેન્ટેશન ની મહત્તા બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કાર્ય હતા. સમય ની મહત્તા સમજી તેનો સદુપયોગ કરવા જણાવ્યું હતું. તેમજ આવતા સમય માં એક્સપોર્ટની સાથે સાથે ઇનપોર્ટ રેમજ જીએસટી બાબતે પણ કોર્સ માં બદલાવ કરવા ની બાબત જણાવી હતી. તેમજ ભારત સરકાર ની એક્સપોર્ટ પ્રમોશન બાબતે અમલ માં મુકવા માં આવેલ યોજનાઓ માં મહતમ આ કોર્સમાં તાલીમ આપવા આવનાર તજજ્ઞ લોકોનો વિદ્યાર્થીઓ મહત્તમ લાભ ઉઠાવે તેમ તેઓએ જણાવ્યું હતું.

ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટી ના હેડ ડો. જયેશ તન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ ને જણાવ્યું કે આ કોર્સ માં ઉત્તીર્ણ થયેલ બે વિદ્યાર્થીઓ નું પ્લેસમેન્ટ બેંક માં થઇ ગયું છે. જે બેંક માં પણ કરન્સી એક્સચેન્જ તેમજ એક્સપોર્ટ વિભાગ ની જવાબદારી સંભાળશે. આમ ઉપરોક્ત કોર્સ વિદ્યાર્થીઓ ને મેનેજમેન્ટ ના ક્ષેત્ર માં અગ્રેસર કરશે તેઓ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.આજના યુગમાં વિદ્યાર્થીઓ એ સ્કીલ ડેવલોપમેન્ટ ઉપર વધારે ભાર મુકવો જરૂરી બન્યો છે. મેનેજમેન્ટનો વિદ્યાર્થી સફળતા ત્યારેજ હાંસલ કરી શકે જયારે તેમનામાં ધંધાકીય કાર્યોના દરેક ક્ષેત્રે નિપુણતા કેળવેલ હોય. સાંપ્રત સમયમાં ભારતના અર્થતંત્રમાં ધરખમ ફેરફારો જણાઈ રહ્યાછે.તેમજ વિદેશ વ્યપાર નીતિ દ્વારા અર્થતંત્ર મજબુત કરવાના દેશના પ્રયાસોમાં અત્રેની કોલેજ દ્વારા એક્સપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશનનો કોર્સ શરુ કર્યો. કારણકે આગામી દિવસોમાં એક્સપોર્ટ-ઇનપોર્ટ એક્ટીવીટી ને લગતા ધંધાકીય ક્ષેત્ર ના અલગ-અલગ કર્યો માટેની નિપુણ અને જ્ઞાનકૌશલ્ય વર્ધક મેનપાવરની તાતી માંગ ઉભી થનાર છે. આ કોર્સ દ્વારા વિદ્યાર્થીઓની "કોમ્પીટન્સી" ડેવલોપ થશે જે તેઓના નોકરી મેળવવા તેમજ ધંધાકીય એકમની સ્થાપના કરવા માં ખુબ ઉપયોગી સાબિત થશે.આજે પ્રથમ દિવસે તજજ્ઞ અધ્યાક દ્વારા વિદ્યાર્થીઓને ભારત-ચીન ના તુલનાત્મક એક્સપોર્ટ બાબતો તેમજ ચીન અમેરિકા ના એક્સપોર્ટ વોર ના કારણે યુરોપિયન તેમજ એશિયન દેશો ને મહત્તમ લાભ મળશે અને તેમાં આપ સૌ વિદ્યાર્થીઓ ની કારકિર્દી પણ ઉજવવળ બનશે તેવી શુભકામના વ્યક્ત કરી હતી.

સમગ્ર સર્ટીફીકેટ કોર્સ બાબતે કોલેજ નાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ ડો.જયેશ તન્ના તેમજ તૃતીય બેચના કોર્સ કો-ઓર્ડીનેટર ડો.આશિષ ભુવા દ્વારા સંપૂર્ણ જવાબદારી સંભાળવા માં આવી હતી.

તા. ૨૯-૮-૨૦૧૮, બુધવાર
ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજ નાં ૬૩ વિદ્યાર્થીઓ "સાપ્તાહિક આંતરરાષ્ટ્રીય યુથ સેમીનાર"માં ઈન્ટર્નશીપ તાલીમ માટે હૈદ્રાબાદ પહોંચ્યા



ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના ૬૩ વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય સેમીનારમાં ઈન્ટર્નશીપ માટે તેલંગાણા સ્થિત હૈદરાબાદ જીલ્લામાં આવેલ કાન્હા ખાતે પહોંચ્યા હતા.

સમગ્ર વિશ્વના હાર્ટફૂલનેસ સંસ્થાના હેડ ક્વાટર ખાતે મેનેજમેન્ટ ક્ષેત્રના કૌશલ્ય વર્ધક પ્રાયોગિક મુદ્દાઓ જેવાકે આંતર રાષ્ટ્રીય ઈવેન્ટનું મેનેજમેન્ટ, સંચાલન, વહીવટ, સાથે સમગ્ર ઈવેન્ટમાં એકાગ્રતા,શિસ્ત, જેવા ગુણો વિકસે તે હેતુથી સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ધ્યાન અને તેનાથી થતા ફાયદાઓની સમજ આપી હતી. કોલેજ તરફથી ધર્મેન્દ્ર રાઠોડ વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા.

તેલંગાણા ખાતે બીબીએના વિદ્યાર્થીઓ દ્વારા ૨૫૦ વૃક્ષ રોપવામાં આવ્યા હતા. આ ઉપક્રમમાં અનેક દેશના યુવાઓ સામેલ હતા. હાર્ટફૂલનેસ સંસ્થા તરફથી ઉમેશભાઈ કોલ્હે તેમજ કેજલભાઈ દ્વારા કાર્યક્રમનું સંકલન કરવામાં આવ્યું હતું. કાન્હા ખાતે સંસ્થા ના એકતાબેન તેમજ વિનીતભાઈ સહીત સૌનો સહકર સાંપડ્યો હતો. તેમજ જીગ્નેશભાઈ શેલત અને પ્રકાશભાઈ દ્વારા વિદ્યાર્થીઓને અડાલજ ખાતે તાલીમ આપવા માં આવી હતી. કોલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃસ્ટી, ટ્રેનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ. જયેશ જે. તન્ના, ડૉ.આશિષ ભુવા, ધર્મેન્દ્ર રાઠોડ તેમજ કોલેજ પરિવાર દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી.

# બીબીએ કૉલેજના વિદ્યાર્થી પારલે-જી પ્લાન્ટની મુલાકાતે



ગાંધીનગર, તા. ૧૨
કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની બીબીએ કોલેજના ૧૨૫ વિદ્યાર્થીઓએ પારલે-જી પ્રાઈવેટ લિમિટેડની મુલાકાત લીધી હતી. કંપનીની સ્થાપના નરોત્તમદાસ ચૌહાણ નામના શ્રેષ્ઠી દ્વારા ૧૯૨૯માં કરવામાં અવી હતી. હાલ કંપનીના ચેરમેન તરીકે પ્રકાશભાઈ ચૌહાણ કાર્યરત છે.

આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓમાં ઔદ્યોગીક ક્ષેત્રેની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓને બે જુથોમાં વહેંચાઈ ઈંડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતું. વિદ્યાર્થીઓનું ગ્રૂપ એક પછી એક વિવિધ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. કંપનીના એચ. આર. એક્ઝિક્યુટિવ તેમજ માર્કેટિંગના અધિકારી ભુપેન્દ્રભાઈ પાસેથી પ્લાન્ટ વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી. અહીં બે પ્રકારના બિસ્કીટનું ઉત્પાદન અહીં કરવામાં આવે છે અને તેના માટે બે પ્લાન્ટ અલગ રીતે કાર્યરત છે. એક દિવસમાં ૯૦ લાખ બિસ્કીટના ઉત્પાદનની ક્ષમતા કંપની ધરાવે છે. કંપનીનું અંદાજીત વાર્ષિક ટર્નઓવર ૩૫૦૦ કરોડ જેટલું છે, જે કંપનીની વિસ્તૃતતા સૂચવે છે. મેલોડી, મેંગો બાઈટ, પોપીંસ, કીસ્મી ટોફી, મોનેકો, ક્રેકજેક, ફૂટી, એપ્પી જેવી લોકપ્રિય પ્રોડક્ટ્સ કંપની દ્વારા માર્કેટમાં વેચાણ અર્થે મૂકવામાં આવેલ છે.

સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. વિદ્યાર્થીઓએ પચીસની સંખ્યા માં બે જુથોમાં વહેંચાઈને પ્લાન્ટની મુલાકાત કરી હતી તેમજ સંચાલનના સિદ્ધાંતોને આ પ્રકારના વ્યવસાયોમાં કઈ રીતે વ્યહવારુ રીતે અમલી બનાવી શકાય તેની તલસ્પર્શી માહિતી પ્રાપ્ત કરી હતી. આ વિઝિટ ને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિ નાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના ઈન-ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ ડૉ.નીરવ જોશી, પ્રો. પ્રીતેશ સોલંકી દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા દૂધસાગર ડેરીની મુલાકાત

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીઓને ઔદ્યોગીક મુલાકાત માટે મહેસાણા ખાતે ની પ્રતિષ્ઠિત દૂધસાગર ડેરી માં લઈ જવામાં આવ્યા હતા.

દૂધસાગર ડેરી સહકારી ક્ષેત્રની સફળતાનો ઉતમ નમૂનો છે. જ્યાં સમગ્ર મહેસાણા જીલ્લાની દૂધ સહકારી મંડળીઓ જોડાયેલી છે. રોજનું દૂધ સમગ્ર જીલ્લાના દૂધ ઉત્પાદકો થકી અહીં પહોચે છે. ત્યારબાદ નિશ્ચિત કરેલ રૂટથી આ દૂધ મેળવવામાં આવે છે અને ગ્રાહકો સુધી પહોચાડવા માં આવે છે. સાથે-સાથે ખેડૂતોને પશુ ચિકિત્સા માટેની સવલત તેમજ પશુ વીમા બાબતે ડેરી, સંઘ તેમજ પશુપાલક ને સજાગ રહી પશુપલકો ને ઉત્સાહિત કરવા અનેક યોજનાઓ અમલી બનવવા માં આવી છે. જેથી પશુપલક મજબૂત બની શકે સાથે સાથે પશુ દાણ પણ ડેરી દ્વારા પશુ પાલકોને રાહત દરે મળે તેની વ્યવસ્થા છે. તેમજ સમગ્ર વર્ષ દરમ્યાનનો ખર્ચ બાદનો નફો દૂધ ઉત્પાદકો સુધી પહોંચાડવા માં આવે છે.

ગુણવતા જાળવવા ડેરી દ્વારા લેવા માં આવતા પગલા બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી સાથે સાથે સ્વચ્છતા બાબતે લેવાતા પગલાઓની માહિતી આપવામાં આવી હતી ડેરી દ્વારા દૂધ, દહી, છાસ, ઘી જેવી પ્રોડક્ટ્સ તેમજ ગાય, ભેંસનું દૂધ જુદા જુદા ફેટની કેટેગરી પ્રમાણે ગ્રાહક સુધી પહોંચાડવા માં આવે છે. જેમા ગોલ્ડ, શક્તિ સહિતની કેટેગરીનો સમાવેશ થાય છે. પ્લાન્ટમાં દૂધ પહોંચે ત્યારબાદ તેના ઉપર થતી પ્રોસેસેથી લઈ પેકિંગ સુધીની તમામ બાબતો જીણવટ પૂર્વક સમજાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પ્લાન્ટ લે આઉટ તેમજ ઉત્પાદન નાં વિવિધ તબક્કાઓ માં સંચાલન કેવીરિતે કરવુ તેમજ પ્લાન્ટ લે આઉટની ગોઠવણી કેવી રિતે કરવી તેની ઉંડાણ પુર્વક માહિતી આપી હતી.



આ વિઝિટને સફળ બનાવવા દૂધસાગર ડેરી તરફથી તમામ સ્ટાફનો ખુબ જ સહકાર મળ્યો હતો. ડેરીના જયેશભાઈ સુથાર દ્વારા વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઅઓથી વાકેફ કર્યા જેમા ડેરીનાં ૩ ઉચ્ચ અધિકારીઓએ વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કર્યા હતા. સમગ્ર વિઝિટનું આયોજન સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ.જયેશ તન્ના, પ્રો જાનકી દવે, પ્રો.મેથ્યુ જહોન, પ્રો. પ્રજ્ઞેશ નવલખા દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજના ૧૩૪ વિદ્યાર્થીઓ GMM- PFAULDERની મુલાકાતે



ગાંધીનગર, તા. ૩૧

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા ૧૩૪ વિદ્યાર્થીઓને ઔદ્યોગિક મુલાકાત માટે આણંદ સ્થિત કંપનીમાં લઈ જવામાં આવ્યા. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રતિષ્ઠિત ગ્રુપ ૧૯૬૨માં સ્થપાયેલ અને ૧૯૮૭માં બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લીસ્ટેડ થયેલ. મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓ ખાલી પુસ્તકીયુ જ્ઞાન મેળવે તો સમાજ અને ઉદ્યોગ જગત તેનાથી લાભાન્વિત બની શકે નહી ત્યારે બીબીએ કૉલેજ દ્વારા સાંપ્રત સમયની માંગ ને અનુલક્ષી ને વિદ્યાર્થીઓને ત્રણ વર્ષના અભ્યાસકાળ દરમ્યાન ૯ વખત ઈંડસ્ટ્રિયલ વિઝિટ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ અહીંનો વિશાલ પ્લાન્ટ જોઈને તેમાં કામ કરતા કર્મચારીઓ બાબતે તેમજ તેમને આપવા માંઆવતી તાલીમ બાબતે જાણી અભિભૂત થઈ ગયા હતા. વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા. કુલ ૫૯ વિદ્યાર્થીઓને ૨૦- ૨૦ વિદ્યાર્થીઓની ૩ ટીમમાં વિભાજીત કરી પ્રોડકશન અને ઓપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવા માં આવ્યુ હતુ. વિદ્યાર્થીઓ ને 'પ્લાન્ટ લે આઉટ' તેમજ ઉત્પાદનના વિવિધ તબક્કાઓમાં સંચાલન કેવી રીતે કરવુ તેમજ 'પ્લાન્ટ લે આઉટ' ની ગોઠવણી કેવીરીતે કરવી તે બાબત સમજાવવા માં આવી હતી.

આમ વિદ્યાર્થીઓએ કૉલેજમાં અભ્યાસ કરતા વિવિધ વિષયો અને વર્ગખંડમાં પ્રાપ્ત કરેલ જ્ઞાનનો તુલનાત્મક રીતે પ્રેક્ટિકલ અમલીકરણનો કલાત્મક રીતે અભિગમ કેળવવો તેમજ કોર્પોરેટ લીડર તરીકે પ્રસ્થાપિત થાય તેવા લર્નિંગ વેલ્યૂ શીખ્યા હતા તેમજ સંપૂર્ણ વિઝિટનો રિપોર્ટ બનાવી કૉલેજને સુપ્રત કર્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા મેનેજમેન્ટ. એચ. આર. પોલિસી તેમજ માર્કેટીંગ અને ફાઈનાન્સને લગતા પ્રશ્નો પુછવા માં આવ્યા હતા જેના તેમને સંતોષજનક પ્રત્યુતર મળ્યા હતા. જેથી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં કંપનીની સ્થાપના વખતે આવનાર પડકારો બાબતે માહિતી મળી હતી. જે ઉદ્યોગ સાહસિક વિદ્યાર્થીઓ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. આ વિઝિટને સફળ બનાવવા કંપની તરફ થી રસિકભાઈ પ્રજાપતિ તેમજ સમગ્ર ટીમ નો ખુબજ સહકાર મળ્યો જેમા કંપનીનાં ૩ ઉચ્ચ અધિકારીઓએ વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કર્યા. સમગ્ર વિઝીટનું આયોજન કૉલેજનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટી નાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના, ધર્મેન્દ્ર રાઠોડ, પ્રો. શીતલ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# બીબીએ કૉલેજ દ્વારા શિક્ષકદિન ઉજવાયો



ગાંધીનગર, તા. ૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા પૂર્વ રાષ્ટ્રપતિ અને શિક્ષણવિદ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન ના જન્મદિવસ પર કડી યુનીવર્સીટી દ્વારા યોજાનાર સંયુક્ત શિક્ષક દિવસ ની પૂર્વે કોલેજ ખાતે શિક્ષક દિવસ ની ઉજવણી કરી હતી. વર્ષપર્યંત વિદ્યાર્થીઓ ના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃતિઓ થાય છે. જેમાં કોલેજ ના ત્રણે વર્ષના કુલ ૧૦૮ વિદ્યાર્થીઓ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક શિક્ષક,વહીવટી અધિકારી તેમજ આચાર્ય,ઉપાચાર્યની ભૂમિકા ભજવી હતી.

કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ સાહેબ દ્વારા તમામ વિદ્યાર્થીઓને આજનો દિવસ મહત્વ સમજાવ્યું હતું. શિક્ષક ની ભૂમિકા ભજવી ને અનુભવેલ પડકારો ને જીવનપર્યંત યાદ રાખી સમાજ તેમજ શિક્ષક પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા પ્રેરણા આપી હતી.તેમજ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. ઉપાચાર્ય ડો.જયેશતન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ ને શિક્ષક ની સમાજ માં ભૂમિકા તેમજ શિક્ષક ફક્ત વ્યવસાયિક રીતે નહિ વિદ્યાર્થી ના શ્રેષ્ઠ નાગરિક થકી સમાજના ઘડવૈયા તરીકે ની ભૂમિકા ભજવે છે, જે બાબતે વિદ્યાર્થીઓ ને સમજાવ્યું હતું. કોલેજ તરફથી ડો.નીરવ જોશી તેમજ પ્રો. શીતલ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. વિદ્યાર્થી આચાર્ય તરીકે સાનિધ્ય ચૌધરી તેમજ વિદ્યાર્થી ઉપાચાર્ય તરીકે ધરાંગી પટેલ તેમજ હની પટેલ પસંદગી પામ્યા હતા. જેમણે મુખ્યત્વે આજની જવાબદારી વિદ્યાર્થીઓ તરફે સંભાળી હતી. તેમજ આજના શ્રેષ્ઠ પ્રથમ તમજ દ્વિતીય શિક્ષક તરીકે પસંદગી પામેલ વિદ્યાર્થીઓ અનુક્રમે સેમેસ્ટર પ્રમાણે અહી સેમ-૫, હની વ્યાસ, તરુણ જોધવાની, સેમ-૩, પટેલ માધવી,આકાશ સતાસિયા અને સેમ-૧ જાડેજા બ્રિજરાજસિંહ, હેતવી સંઘવી હતા.

સમગ્ર કાર્યક્રમ ડો.નીરવ જોશી, પ્રો.શીતલ પટેલ તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા આણંદની આર્કોગુલ કું.ની મુલાકાત



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) કોલેજના ૧૭૮ વિદ્યાર્થીઓએ ત્રણ દિવસ અલગ અલગ બેચ મુજબ પ્રતિષ્ઠિત આર્કોગુલ કંપની ની મુલાકાત લીધી હતી. કંપની ની તમામ માહિતી વિદ્યાર્થીઓ ને હર્ષદભાઈ પટેલ અને અંકીતભાઈ દ્વારા આપવામાં આવી હતી. કંપનીની સ્થાપના ૧૯૬૯ માં રવજીભાઈ નામના શ્રેષ્ઠી દ્વારા સહકારી મંડળી ના સ્વરૂપમાં કરવા માં આવી હતી. જે નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ સાથે સંકળાઈને સ્થાપવા માં આવી હતી. ત્યારબાદ ૧૯૯૨ માં સહકારી મંડળી માંથી લીમીટેડ કંપની માં ફેરવવા માં આવી. હાલ વિપુલભાઈ કંપની ના ચેરમેન તરીકે તેમની સેવાઓ આપી રહ્યા છે. કંપની ફર્ટીલાઈઝર નું ઉત્પાદન તેમજ વિતરણ કરે છે. કંપની સીધી મુખ્ય વિતર્કો ને સપ્લાયનું કાર્ય કરે છે. તેમજ ખાદ્યતેલના પેકેજીંગનું કાર્ય કરે છે. જેમાં મગફળી, કપાસિયા, મકાઈ, સન ફ્લાવર જેવા ખાદ્યતેલ નો સમવેશ થાય છે. ત્રણ જીલ્લાના મધ્યાહન ભોજન યોજના માટે કંપની ખાદ્ય તેલનું વિતરણ તેમજ ૮ જીલ્લામાં સ્પલાયનું કાર્ય કરી રહી છે. વિદ્યાર્થીઓનાં ગ્રુપે એક પછી એક વિવિધ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. કંપનીના એચ. આર. એક્ઝિક્યુટિવ તેમજ માર્કેટિંગના અધિકારીશ્રી પાસેથી પ્લાન્ટ વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓની ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. દરેક મશીનરીનું નામ, તેના મુલ્ય બાબતે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરાયા હતા. આ વિઝિટને સફળ બનાવવા માટે આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેંટ અને ટ્રેનિંગ કમિટીનાં હેડ ડૉ.જયેશ તન્ના, ડૉ.આશિષ ભુવા, પ્રો. નિવેદિતા રાવલ, પ્રો. શીતલ પટેલ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ગાંધીનગર સમાચાર

# બીબીએ એડમીનીસ્ટ્રેશનનાં વિદ્યાર્થીઓનું એક્યુમેક્સ ગ્રુપ પ્રા.લિમાં જોબ પ્લેસમેન્ટ







ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન સાતત્ય પૂર્વક બીબીએ નાં ફાઈનલ સેમેસ્ટર નાં વિદ્યાર્થીઓ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ નું આયોજન વર્ષપર્યંત થતું રહે છે. બીબીએ અભ્યાસક્રમ સાથે "એક્ષપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન" કોર્સ કોલેજ દ્વારા ચલાવવા માં આવે છે. જેમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે કોલેજ દ્વારા પ્લેસમેન્ટ નું આયોજન કરવા માં આવ્યું હતું. અત્રે ઉજ્જવળ કારકિર્દી માટેનાં શ્રેષ્ઠ વિકલ્પ ઉપલબ્ધ છે તેનું જીવંત ઉદાહરણ બીબીએ કોલેજ દ્વારા આયોજિત પ્લેસમેન્ટ ડ્રાઈવ પૂરુ પાડે છે. જે અન્વયે કોલેજ કેમ્પસ ખાતે AccuMax Group Pvt.Ltd કંપની વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ આપવા માટે કેમ્પસ ખાતે આવી હતી. કંપની ૨૦૦૬ થી નિકાસ કાર્ય સાથે સંકળાયેલી છે. તેમજ ૨૦૦૯ થી ડોમેસ્ટિક ક્ષેત્રે પણ કંપની નો વ્યવસાય ચાલી રહ્યો છે. તેમજ ૨૦૧૦ અને ૨૦૧૨ માં સેઝ માં કંપની ના યુનિટ શરુ કરવા માં આવ્યા છે. ૨૦૦૬ માં ૧.૫ કરોડ ના વાર્ષિક વ્યવસાય થી શરુ થયેલ હવે ૮૦ થી ૧૦૦ કરોડ નો વાર્ષિક વ્યવસાયે કંપની પંહોચી છે. જે કંપની ની ઉત્તરોત્તર આર્થિક મજબૂતી તરફ અગ્રેસરતા ને સૂચવે છે. જેમાં કોલેજનાં ૧૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. બીબીએ કોલેજ વતી ડો.જયેશ તન્ના દ્વારા ભારત માં વધતા એક્સપોર્ટ તેમજ આ ક્ષેત્ર માં ઉપલબ્ધ વિપુલ તકો બાબતે વિદ્યાર્થીઓ ને માર્ગદર્શિત કર્યા હતા. તેમજ કંપનીનાં એચ. આર. મેનેજર મૈત્રય પંડ્યા સાહેબ નો પરિચય આપી પ્રીપ્લેસમેન્ટ ટ્રેનીંગ માટે આવકારવા માં આવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ ને કંપની બાબતે માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓને પ્રાઈવેટ સેક્ટરમાં કારકિર્દી ઘડતર ની અપાર તકો તેમજ ખુબ ઝડપથી સફળ બનવા માટે નાં સૂચનો કર્યા હતા કુલ ૧૩ વિદ્યાર્થીઓ એ ઈન્ટરવ્યું માટે આવ્યા હતા. જેમાંથી ૧૦ આગળ ના રાઉન્ડ મા ઈન્ટરવ્યું આપવા પહોચ્યા. અત્રે ઉલ્લેખનીય છે કે બીબીએ કોલેજનાં વિદ્યાર્થીઓ "એક્ષપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન" ક્ષેત્રે સફળ કારકિર્દી બનાવશે જેમાં તેઓ નાં પ્લેસમેન્ટ બાબતે કોલેજ દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પસંદગી પામેલા વિદ્યાર્થીઓ ને ૧૫,૦૦૦ સુધી નાં માસિક પેકેજ ની ઓફર કરવામાં આવી છે. જેથી વિદ્યાર્થીઓ માં ખુશી ની લાગણી છવાઈ ગઈ હતી. તેમજ તેમના અભિપ્રાય માં જણાવ્યું હતું કે કોલેજ દ્વારા અવાર નવાર પ્લેસમેન્ટ પ્રવૃત્તિ કરવા માં આવે છે. જે અમારા જેવા ફ્રેશર્સ માટે ખુબ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. અમને કોલેજ દ્વારા અમારા કૌશલ્યો ને માર્કેટ સુધી પહોચાડવા નો મોકો પ્રાપ્ત થાય છે જે બદલ અમે કોલેજ નાં આભારી છીએ. સાંપ્રત સમયમાં જયારે અનુસ્નાતક કક્ષા એ પંહોચીને પણ વિદ્યાર્થીઓને યોગ્ય નોકરી મેળવવી મુશ્કેલ લાગે છે. ત્યારે બીબીએ નાં વિદ્યાર્થીઓ નું નામાંકિત કંપની માં પ્લેસમેન્ટ થવું તે કોલેજ તરફથી વિદ્યાર્થીઓને મળેલી પ્રાયોગિક તાલીમ તેમજ મેનેજમેન્ટ અભ્યાસક્રમ ને આભારી છે. સાથે સાથે પ્રાઈવેટ તેમજ મલ્ટીનેશનલ કંપનીઓમાં પણ બીબીએ કોલેજ નાં વિદ્યાર્થીઓ પોતાનું આગવું સ્થાન બનાવી રહ્યા છે અને કોલેજનાં ભુતપૂર્વ વિદ્યાર્થીઓ તેનું જીવંત ઉદાહરણ પુરુ પાડે છે.

સમગ્ર પ્લેસમેન્ટ ડ્રાઈવ કોલેજ નાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ સમિતિ નાં હેડ ડો.જયેશ તન્ના અને ડો.આશિષ ભુવા દ્વારા પ્રયત્નો કરી સફળ બનાવવામાં આવી હતી.

ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૯-૨૦૧૮, શનિવાર

## બીબીએ કોલેજ દ્વારા
# ''બર્ન યોર કેલરી બટ નોટ ફ્યુઅલ'' સોશિયલ પ્રોજેક્ટનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૨૮

આજરોજ તારીખ ૨૮-૦૯-૨૦૧૮ના રોજ "સર્વ વિદ્યાલય કેળવણી મંડળ" સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલયની બીબીએ કોલેજ દ્વારા સોશિયલ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ પેટ્રોલ તેમજ ડીઝલનો વપરાશ ઘટાડવો, વાતાવરણમાં સુધારો લાવવો તેમજ વિદ્યાર્થીઓના તંદુરસ્ત આરોગ્ય કેળવવું વગેરે હતો. પ્રોજેક્ટના મુખ્ય હેતુઓને ધ્યાનમાં રાખી કોલેજના આશરે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ આજે સાઈકલ લઈને કોલેજ આવ્યા હતા. કોલેજના તૃતીય વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે "બર્ન યોર કેલરી બટ નોટ ફ્યુઅલ" વિષયલક્ષી નિષ્ણાંત વક્તવ્ય પણ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વક્તવ્યના પ્રસંગે કોલેજ ના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિએ મહેમાનોને આવકાર્યા હતા તેમજ વિદ્યાર્થીઓને સાયકલીંગ કરવાના આરોગ્યલક્ષી ફાયદાઓ વિશેની છણાવટ ભરી ચર્ચા કરી હતી તેમજ પ્રોજેક્ટ વિષે વિદ્યાર્થીઓમાં જાગૃતતા ઉભી કરી હતી. પ્રસંગના મુખ્ય અતિથી તરીકે પધારેલા "નિસર્ગ કોમ્યુનિટી સાય-સ સે-૨૨" ના ટ્રસ્ટીશ્રી તેમજ સમાજ સેવક મુરબ્બી શ્રી ડૉ. અનિલભાઈ પટેલ એ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે "દરેક વિદ્યાર્થીઓએ સાયકલીંગની આદત કેળવવી જોઈએ તેમજ દરેક વ્યક્તિને તંદુરસ્ત આરોગ્ય માટે કેટલા પ્રમાણમાં શરીરમાં કેલરીની જરૂર છે તેમજ વધારાની કેલરી કેવી રીતે ઘટાડી શકાય છે" તે ઊંડાણપૂર્વક વિષયલક્ષી માર્ગદર્શન આપેલ હતું. તેઓ શ્રીએ સફળ વ્યક્તિઓના દ્રષ્ટાંતો લઈને વિદ્યાર્થીઓને આરોગ્ય, પર્યાવરણ અને ફ્યુઅલનો બચાવ કેવી રીતે કરવો તેમજ સમાજ દેશની અભિમાનને આગળિત રાખવી તેની ભલામણ કરી હતી. કાર્યક્રમના બીજા વક્તા ડૉ. રાહુલ કે જેઓ સ્વર્ણિમ ગુજરાત યુનીવર્સીટીમાં પ્રાધ્યાપક તરીકે સેવા બજાવી રહ્યા છે તેમજ કબડ્ડી કોચ છે તેમજ કબડ્ડી રમતના નેશનલ પ્લેયર રહી ચૂક્યા છે તેમણે સાચી તંદુરસ્તી માટે સમતોલ કેલરી જાળવવા અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના ત્રીજા વક્તા શ્રી જયદેવ દેસાઈ કે જેઓ શ્રી પણ સ્વર્ણિમ ગુજરાત યુનીવર્સીટી મા પ્રાધ્યાપકશ્રી તરીકે ની ફરજ બજાવે છે તેમજ વોલીબોલ ગેમમાટે નેશનલ પ્લેયર તરીકેની નામના મેળવી છે તેમણે પણ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે "સાયકલ લઈને આવવું એ શોભા ની વસ્તુ નથી પરંતુ આપણા શરીરનો એક મોભો છે કે આપણે આપણી તંદુરસ્તી માટે જાગૃત હોઈએ.

કોલેજ ના તૃતીય વર્ષના વિદ્યાર્થી રવિ શરન, કાર્તિક, યશ પ્રજાપતિ, અમલ નીકોલસન, જ્યોતિશ ગજ્જર, દિવ્યા ભટ્ટ, તેમજ પરમ ગજ્જર વગેરે આ પ્રોજેક્ટના મુખ્ય સુત્રધાર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તમામ કોલેજ પરિવાર, વિદ્યાર્થીઓએ ખુબ જ મહેનત કરી હતી.

# ગાંધીનગરની બીબીએ કોલેજ દ્વારા મુન્દ્રા બંદરની ઔદ્યોગીક મુલાકાત



ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના ૨૩૩ વિદ્યાર્થીઓ માટે કુલ મુંદ્રા પોર્ટની મુલાકાતનું આયોજન થયું હતું.

ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત પહેલાં પુરુરાજસિંહ ઝાલાએ અદાણી ગ્રૂપ વિષે સંપૂર્ણ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કુલ પાંચ ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત લેવામાં આવી હતી, જેમાં ૧૩૭ સ્કવેર કિલોમીટર એસઈઝેડ તેમજ ૯ સ્કવેર કિલોમીટર વેસ્ટ પોર્ટની મુલાકાત લીધી હતી, જેમાં વિદ્યુત

ગોહિલે વિદ્યાર્થીઓની સાથે રહી અદાણી પોર્ટનાં વિવિધ કાર્યો, પોર્ટનું ભારત દેશના વિકાસમાં મહત્વ તેમજ પોર્ટનું સચાલન અને વહીવટ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને પોર્ટ વિશે ઊંડાણપૂર્વક સમાજ આપી હતી.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ અદાણી વિલમાર કંપનીની મુલાકાત લીધી હતી. અહી સ્થિત શાંતિનાથ મહાદેવનાં દર્શનનો મોકો વિદ્યાર્થીઓને મળ્યો હતો અને સાંજે સમૂહ આરતીમાં તેમણે ભાગ લીધો હતો, જે દરેક માટે એક અદભૂત લહાવો હતો. શાંતિવિહારમાં ચંદ્રકાંત પંડ્યા

આવી હતી. તેઓ આ કાર્યક્રમ સમયે ઉપસ્થિત પણ રહ્યા હતા. બીજા દિવસે અદાણી વેસ્ટ પોર્ટ તેમજ અદાણી પાવર લિમિટેડ કે જે ભારત નો પ્રાઈવેટ ઓનર બેઈઝ પ્રથમ અને એશિયાનો બીજા ક્રમે આવતો પાવર પ્લાન્ટ છે કે જે ૪૬૨૦ મેગા વોટ પાવર પ્રોડક્શનની ક્ષમતા ધરાવે છે તેની મુલાકાત લીધી હતી.

આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટી, પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો.આશિષ ભુવા, પ્રો. જાનકી દવે, ધર્મેન્દ્રસિંહ રાઠોડ,

૧-૧૨-૨૦૧૮, શનિવાર ગાંધીનગર સમાચાર

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ વસાણી પોલીમર્સની ઔદ્યોગિક મુલાકાતે



ગાંધીનગર, તા. ૩૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજના દ્વિતીય વર્ષના ૬૫ વિદ્યાર્થીઓએ તલોદ સ્થિત વસાણી પોલીમેર્સ પ્રાઈવેટ લિમિટેડ ની મુલાકાત લીધી હતી. કંપનીના સ્થાપક કેશવલાલ વસાણી દ્વારા ઉમદા ઉદેશ્ય સાથે કંપની સ્થાપવા માં આવી હતી. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ માં ઔદ્યોગીક ક્ષેત્રની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓ બે જુથોમાં વહેંચાઈ ઈંડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતુ. વિદ્યાર્થીઓનું ગ્રુપ એક પછી એક પ્લાન્ટ ની મુલાકાત લીધી હતી. કંપનીના એચ. આર. મેનેજર રાજ કપૂર તેમજ સેલ્સ મેનેજર તેજસ સુથાર પાસેથી પ્લાન્ટ વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે કંપની ૨૨ વર્ષ પહેલા ૧૯૯૬ માં સ્થાપવા માં આવી હતી. જે ૪૧,૦૦૦ સ્ક્વેર કિલોમીટરમાં ફેલાયેલી છે. તેમજ ૧૬૦ કરોડ જેટલું રોકાણ અંદાજીત રીતે કંપની દ્વારા કરવા માં આવ્યું છે. જે ૨૦ mm ૪૦૦ mm સુધીની પાઈપ નું નિર્માણ કરે છે. જે કૃષિ સિંચાઈ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓની ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

આ વિઝિટ ને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી, પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિનાં ઈંચાર્જ ડૉ.

૮-૧૨-૨૦૧૮, શનિવાર ગાંધીનગર સમાચાર

# બીબીએ દ્વારા રાજ્ય કક્ષાનો 'આયના-મેગનેટ' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

## તા. ૧૨, ૧૩ અને ૧૪ ડિસેમ્બરના રોજ આયોજિત આ કાર્યક્રમમાં આ વર્ષની થીમ છે 'જિંદગી'

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં આવેલ બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન દ્વારા સતત ૧૯ વર્ષથી 'આયના' સાંસ્કૃતિક કાર્યક્રમનું ખુબજ સફળતા પૂર્વક આયોજન કરાઈ રહ્યું છે જેમાં દર



વર્ષની જેમ આ વર્ષે પણ કોલેજ તા.૧૨,૧૩ અને ૧૪ ડીસેમ્બર ના રોજ ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન કરી રહી છે. જેમાં આ વર્ષની થીમ "જિંદગી" સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવી છે. જેને અનુરૂપ સમગ્ર કાર્યક્રમનું આયોજન થશે.

આ વર્ષના સમગ્ર કાર્યક્રમ માટે ઓવર ઓલ ઈન્ચાર્જ ડૉ.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવા વ્યક્તિગત મળી તૈયાર કરવામાં આવી રહ્યા છે. એન્ટરપ્રેન્યોર ફીયેસ્ટા એ "આયના-મેગનેટ"ની સાથે નવા અભિગમ સાથે ત્રીજા વર્ષે કોલેજ દ્વારા આયોજીત થયો છે. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતે બનાવેલ ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સ ને કોલેજ સ્પર્ધાના ભાગ રૂપે ત્રણ દિવસ માર્કેટ ઉપલબ્ધ કરશે. જેમાં ફૂડ, હેન્ડીક્રાફ્ટ, ફેશન બાઝાર જેવા વ્યવસાય વિદ્યાર્થીઓ કરશે. યોગ્યતાને આધારે નિર્ણાયકો વિદ્યાર્થીઓને તેમાં ક્રમ આપશે.

કાર્યક્રમમાં સમગ્ર રાજ્યમાંથી શાળાઓનાં વિદ્યાર્થીઓ જુદી-જુદી સ્પર્ધામાં ભાગ લેશે તેમજ શાળાઓના આચાર્યશ્રીઓ તેમજ સમગ્ર રાજ્યની વિવિધ શાળાનાં શિક્ષકો પણ અત્રે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારશે. સમગ્ર કાર્યક્રમમાં કોલેજના સેમેસ્ટર ૨, ૪ અને ૬ ના કુલ ૩૫૦ વિદ્યાર્થીઓ વિવિધ કમિટિમાં રહી કાર્ય કરી રહ્યા છે. તેમજ કોલેજનાં ૧૫૦ વિદ્યાર્થીઓએ જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. જેનાથી વિદ્યાર્થીઓ ને ઈવેંટ મેનેજમેન્ટ ના વિવિધ પાસાઓ શીખવાનો મોકો મળશે. સમગ્ર ઈવેંટમાં શાળાના વિદ્યાર્થીઓને આમંત્રણ આપવાથી લઈ સંપૂર્ણ ઈવેંટનું સંચાલન કરવાનો મોકો વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો છે. કોલેજ સ્તર ની ક્વીઝ સ્પર્ધામાં કોલેજ ના ૨૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સંસ્થાના આચાર્ય એ આ કાર્યક્રમ બાબતે જણાવ્યું હતું કે આ વર્ષે ૧૪ જેટલી અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન થઈ રહ્યું છે. જેમા એક પાત્રીય અભિનય, ગ્રુપ ડાન્સ, વક્તૃત્વ સ્પર્ધા, સોલો ડાન્સ, પોસ્ટર મેકિંગ, વન મિનીટ ગેમ, G.K ક્વિઝ, સિંગિંગ તેમજ મહેંદી, રંગોળી, સુલેખન જેવી સ્પર્ધાઓ આયોજીત થઈ હતી જેમાં શાળા લેવલે તમામ સ્પર્ધામાં પ્રથમ તેમજ દ્વિતીય ક્રમના વિદ્યાર્થીઓ ને ટ્રોફી તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. જ્યારે કોલેજ ના વિદ્યાર્થીઓ ને પણ પ્રથમ તેમજ દ્વિતીય વિજેતા સ્પર્ધકો ને ટ્રોફી એનાયત કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી, ચીફ કો-ઓર્ડિનેટર ડૉ.જયેશ તન્ના તેમજ કોલેજના તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા સફળતાપુર્વક આયોજિત થઈ રહ્યું છે.

૧૩-૧૨-૨૦૧૮, ગુરૂવાર ગાંધીનગર સમાચાર

# કડી કેમ્પસમાં ''આયના'' તથા ''મેગ્નેટ'' ઈવેન્ટસનો પ્રારંભ

**ત્રિદિવસીય ઈવેન્ટ્સમાં વિવિધ સ્પર્ધાઓમાં ગુજરાતની ૫૧ કોલેજના ૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે : એન્ટરપ્રિન્યોરશીપ ફિએસ્ટાનું પણ આયોજન**






ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયનો સતત ૧૯મો શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક કૃતિઓ સાથે મેનેજમેન્ટના પ્રદર્શનનો કાર્યક્રમ ''આયના'' સેક્ટર-૨૩ના કેમ્પસમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં સાથે ઉદ્યોગ સાહસિકતા માટે પ્રાયોગિક અમલીકરણની માહિતી પણ પુરી પાડવામાં આવી હતી.

આયનાના શુભારંભ

વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર તથા કેમ્પસ ડાયરેક્ટર સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ દિવસ ચાલનારા આ કાર્યક્રમમાં ગુજરાતની વિવિધ ૫૧ શાળાઓના ૫ હજાર જેટલાં વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યાં છે. ''આયના'' ઈવેન્ટમાં યુનિવર્સિટીના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓની વિવિધ કમિટિ સેવા બજાવી રહી છે. આ

વિજેતાઓને ઈનામો તથા ટ્રોફીઓથી સન્માનવામાં આવશે. આ સાથે યોજાનારા ''મેગ્નેટ'' પ્રદર્શનમાં વિવિધ કોલેજના ૨૯ ગ્રૂપ ભાગ લઈ રહ્યાં છે. જેમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા છે. મેગ્નેટ પ્રદર્શનમાં મેનેજમેન્ટ આધારિત પ્રોજેક્ટ્સ તૈયાર કરાયા છે. આ સાથે એન્ટરપ્રિન્યોર ફિએસ્ટામાં ૧૬ ગ્રૂપ દ્વારા ૭૫ જેટલી ફૂડ તથા હેન્ડી ક્રાફ્ટની પ્રોડક્ટ્સ રજૂ

ગાંધીનગર સમાચાર ૧૮-૧૨-૨૦૧૮,

# રાજયકક્ષાના આયના-મેગ્નેટ તથા એન્ટરપ્રિન્યોર ફિએસ્ટાનું સમાપન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સે-૨૩માં કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેમ્પસ ખાતે આયોજિત રાજયકક્ષાના 'આયના-મેગ્નેટ' તેમજ 'એન્ટરપ્રિયોર ફિએસ્ટા'નું સમાપન ગઈ કાલે થયું હતું. સમાપન પ્રસંગે સ્પર્ધાના વિજેતાઓને ઈનામો તથા ટ્રોફી આપી સન્માનવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓમાં આંતરિક શકિત ખીલે અને અભ્યાસ ઉપરાંત વ્યકિત્વના અન્ય ગુણો પણ વિકસે તે હેતુથી આયોજિત આયના-મેગ્નેટ અને કારકિર્દી લક્ષી માર્ગદર્શન સાથે




વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાના ગુણો કેળવવાના હેતુથી એન્ટરપ્રિન્યોર ફિએસ્ટાનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધામાં વિજેતા ૧૪ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું તેમજ ૬ ટીમોને પણ ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્પર્ધાના નિર્ણાયકો દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્યમાં હજુ આ કાર્યક્રમ વધુ સારો કેવી રીતે બની શકે તે માટે માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન બીબીએ કોલેજના કર્મચારી ગણ દ્વારા વિદ્યાર્થીઓના સહકારથી સંપન્ન કરવામાં આવ્યું હતું.

૫-૧-૨૦૧૯, શનિવાર ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજના ૧૧૦ વિદ્યાર્થીઓની અરવિંદ સાધના કેન્દ્ર ખાતે જ્ઞાન શિબિર યોજાઈ





ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથેસાથે યોગ, અધ્યાત્મ, ધ્યાન જેવી બાબતનું માર્ગદર્શન મળે તેમજ તેઓને યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આ બાબતો ઉપયોગી સાબિત થાય તેવા ઉમદા હેતુથી શ્રી અરવિંદ સાધના કેન્દ્રની એક દિવસીય જ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારના ૯.૩૦ વાગ્યાથી લઈ ૧.૦૦ વાગ્યા સુધી વિદ્યાર્થીઓએ શ્રીમહર્ષિ અરવિંદ, શ્રીમાતાજી તેમજ પોંડીચેરી આશ્રમ, ઓરોવીલ્લ, આદર્શ બાળક જેવા અનેક વિષયો પર પોતાના વિચારો રજુ કર્યા હતા. શ્રી અરવિંદ સાધના કેન્દ્ર તરફથી ડો. જ્યોતિબેન થાનકી, ડો.સી.કે. તન્ના તેમજ અન્ય મહાનુભાવોએ વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓએ મહર્ષિ શ્રી અરવિંદના જીવન ચરિત્ર બાબતે તેમજ શ્રી માતાજીના જીવન ચરિત્ર બાબતે ખુબ ઉપયોગી વક્તવ્યો રજૂ કર્યા હતા. ડીજીટલ યુગમાં વ્યક્તિ ને મનની શાંતિ મેળવવી હશે તો આવી કોઈ જગ્યા પર મળશે. જ્યાંથી સમગ્ર દુનિયાની ભાગદોડમાં માણસમાં ડીપ્રેશન, સ્ટ્રેસ સહીત માનસિક તેમજ શારીરિક સમસ્યાઓ સામે આવે છે. જેનું સમાધાન યોગ, ધ્યાન તેમજ તેને સંલગ્ન પ્રવૃત્તિઓથી થઈ શકે છે. સમગ્ર શિબિરને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

૧૪-૧-૨૦૧૯, ગાંધીનગર સમાચાર

# શ્રી અરવિંદ સાધના કેન્દ્ર ઓમપુરી ખાતે બીબીએના વિદ્યાર્થીઓનો એક દિવસીય સેમીનાર



ગાંધીનગર, તા. ૧૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશનના ૧૦૪ વિદ્યાર્થીઓ માટે માતર નજીક આવેલ શ્રીઅરવિંદ સાધના કેન્દ્ર ખાતે એકદિવસીય યોગ-ધ્યાન તેમજ શ્રી અરવિંદના જીવનચરિત્ર બાબતે એકદિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર કેન્દ્રના પ્રમુખ ડો. ચંદ્રકાંતભાઈ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા અને આશ્રમની શરૂઆતથી લઈ તેના ભવિષ્યના આયોજનો બાબતે જણાવ્યું હતું. આના વર્કશોપ માટે ગાંધીનગર થી ડો.ચંદ્રકાંત તન્ના તેમજ રજનીકાંત શાહ (નિવૃત સંયુક્ત સચિવ) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેમના દ્વારા વિદ્યાર્થીઓ ને સરકારી નોકરી સહીત ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ બાબતે તલસ્પર્શી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર વ્યાખ્યાનમાં વ્યક્તિત્વ વિકાસ, સરકારી અધિકારીની કામગીરી, કાયદાકીય જ્ઞાન ની આવશ્યકતા, સંસદીય માર્ગદર્શન જેવા અનેક ગહન વિષયોને ખુબ રસપ્રદ રીતે સાંકળવામાં આવ્યા હતા. ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને સમગ્ર કાર્યક્રમ માટે માર્ગદર્શિત કરાયા હતા અને યુથ કાઉન્સિલના આગામી કાર્યો બાબતે નવા આયોજનો રજૂ કરાયા હતા. વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો પર પોતાના વકતવ્ય આપ્યા હતા. જેમાં તેઓના શ્રી અરવિંદ, શ્રી માતાજી, ધ્યાન સહીતના વિષયો પરનાં અધ્યયન સૌને પ્રભાવિત કરી ગયા હતા.

સમગ્ર દિવસની તાલીમ શિબિર બાદ વિદ્યાર્થીઓમાં નવી ઉર્જા નો સંચાર થયો હોય તેવું સ્પષ્ટ જણાતું હતું. વિદ્યાર્થીઓએ તેમના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમથી અમને અમારા ધ્યેયને સિદ્ધ કરવા માટે ખુબ ઉપયોગી ઊર્જા મળી છે તેમજ ધ્યાન અને યોગના મહત્વ સાથે સાથે વિવિધ કુટેવોથી દુર રહેવા બાબતે જે શીખ મળી છે, તેને જીવનપર્યંત યાદ રાખીશું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ, ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ધર્મેન્દ્ર રાઠોડ, ડો.આશિષ ભુવા દ્વારા કરવામાં આવ્યું હતું.

૧૭-૧-૨૦૧૯

# ગાંધીનગર સમાચાર



કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના વિમન ડેવલમેન્ટ સેલ દ્વારા મહિલા સુરક્ષા વિષયે કાનુની માર્ગદર્શન વર્કશોપ યોજાયો હતો. જેમાં અંદાજે અઢીસોથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મહિલા અગ્રણી કાનુન વિદ હેતવી સંઘેતી તથા રાજકોટ ગ્રામ્યના નાયબ પોલીસ અધિક્ષક ડૉ. શ્રુતિ મહેતા ઉપસ્થિત રહ્યા હતા અને વિષયને અનુરૂપ વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું.

ગાંધીનગર સમાચાર ૨૪-૧-૨૦૧૯

# બીબીએ કોલેજમાં નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મજયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)ના ૮૦ વિદ્યાર્થીઓ ભારતની આઝાદની લડતનું ઉજવવળ નામ અને યુવાનોના આદર્શ સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિતે વિદ્યાર્થીઓ નેતાજીના જીવન ચરિત્ર વિષે જાણે અને તેને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે આવા ઉમદા હેતુથી કોલેજ દ્વારા આજના શુભ દિવસે ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન થયું હતું. કોલેજ તરફથી ડો.જયેશ તન્ના દ્વારા બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા યુથ કાઉન્સીલ દ્વારા આયોજિત ઉપરોક્ત કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સુભાષચન્દ્ર બોઝના જીવનમાંથી પ્રેરણા લેવા નેતાજી દ્વારા આપેલા સુત્રને યાદ કરાવ્યા હતા. તેમજ ભારતના આવા મહાપુરુષોને સમજી તેમના કાર્યો, અનુભવો અને સંઘર્ષમાંથી પ્રેરણા લેવા જણાવ્યું હતું. તેમજ ભવિષ્યના યુથ કાઉન્સિલના કાર્યો માટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સુભાષ બાબુના જીવન બાબતે કેટલીક છણાવટ કરી જેમાં નેતાજીના દેશ અને દુનિયામાં આઝાદી માટે સંઘર્ષરત રહ્યા તે પ્રસંગો અને આઝાદ હિન્દ ફોજનું નિર્માણ અને નેતૃત્વ કર્યુ સાથે સાથે વિદ્યાર્થીઓને નેતાજીના જીવનના તમામ પાસાઓ પર તલસ્પર્શી માહિતી આપી હતી. જેમાં તેમના બાળપણ, યુવાની વિદેશ પ્રવાસ તેમજ ભારત ભ્રમણ બાબતે રસપ્રદ પ્રસંગો ટાંકી વ્યાખ્યાન આપ્યું હતું.



૨૨-૨-૨૦૧૯,

# ગાંધીનગર સમાચાર



ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ.) કોલેજના વિદ્યાર્થીઓ શ્રદ્ધાંજલિ કાર્યક્રમના ભાગ રૂપે પગપાળા કોલેજથી શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે પહોચ્યા જ્યાં શ્રી અરવિંદના દિવ્યાંશના સાંનિધ્યમાં વિદ્યાર્થીઓએ શહીદોને વીરાંજલી આપી હતી. સભા સ્થળે વિદ્યાર્થીઓ દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની વીરરસની વાતો રજૂ કરી તેમજ કાશ્મીર સમસ્યા અને શહીદોના વિવિધ પ્રસંગો યાદ કરાયા હતા. આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને પગપાળા યાત્રા પહેલા વર્ગખંડમાં બે મિનીટના મૌન માટે આહ્વાન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બીબીએ કોલેજના યુથ કાઉન્સીલના ઉત્સાહી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

૩-૩-૨૦૧૯, ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજ ખાતે સિવિલ ડિફેન્સ દિવસ




ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.બી.એ કોલેજ તેમજ સિવિલ ડિફેન્સ વિભાગ ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે સિવિલ ડીફેન્સ દિવસ ની ઉત્સાહભેર ઉજવણી કૉલેજ ખાતે કરવામાં આવી હતી.

કોલેજના ૭૦ વિદ્યાર્થીઓ આ નાગરિક સંરક્ષણ દિવસની ઉજવણીમાં જોડાયા હતા. સમગ્ર તાલીમ દરમ્યાન ઓફિસર ઈન કમાંડ સીવીલ ડીફેન્સ ગાંધીનગર- અંજના નિમાવત તેમજ પોસ્ટ વોર્ડન-ગજેન્દ્રસિંહ બારડ, રેસ્ક્યુ ઓફિસર ડો.મહાવીર નિમાવત, ડો. જયેશ તન્ના ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ માટે સીવીલ ડીફેન્સ વિભાગ ગુજરાત સરકાર તરફથી ડી. એન. ઝાલાએ માર્ગદશન પૂરું પડ્યું હતું.

સાંપ્રત સમયમાં રાષ્ટ્રીય સ્તરે સર્જાયેલ પરિસ્થિતિમાં રાષ્ટ્રના નાગરિકો ને સ્વરક્ષા માટે કોઈ પણ કુદરતી કે માનવસર્જિત ઘટના સમયે સુસજ્જ રહેવા માટેનું માર્ગદર્શન આપ્યું હતું. મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં જોડાય તેવા ઉદ્દેશ્યથી સમગ્ર તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ તજજ્ઞ રેસ્ક્યુ ઓફિસર ડો. મહાવીર નિમાવત દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. જેમાં સિવિલ ડીફેન્સનું માળખું સમજાવવામાં આવ્યું હતું. ટાઈપ ઓફ વોર બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. યુદ્ધ કેટલા પ્રકારના હોઈ શકે તેમજ તેવા સમયે સામાન્ય માણસ સ્વબચાવની સાથે-સાથે કઈરીતે સમાજને ઉપયોગી થઈ શકે, તે બાબતે તાલીમ આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના અને પ્રો.માર્ગી દેસાઈએ જહેમત ઉઠાવી હતી.

૫-૩-૨૦૧૯, **ગાંધીનગર સમાચાર**

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.બી.એ કોલેજ દ્વારા સામાજિક જવાબદારી દિવસની ઉજવણી

ગાંધીનગર,તા. ૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ) નાં ૪૦ વિદ્યાર્થીઓ આજ ની સેવાકીય પ્રવૃત્તિઓ માં જોડાયા હતા આજે "સર્વત્ર સંચાલન" નું અમલીકરણ વાસ્તવિકતા માં કરી રહ્યા છે. શહેર રાજ્ય તેમજ દેશની જવલંત સમસ્યાઓ પાણી નો બગાડ, વીજળી નો દુર્વ્યય, વૃક્ષારોપણ થી પર્યાવરણ ની જાળવણી જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિ કોલેજ અભ્યાસ ની સાથે-



સાથે કરી અને સમાજ સામે દીવાદાંડી રૂપ ઉદાહરણ પૂરું પાડે છે. અને ઉમદા સંચાલન તેમજ યોગ્ય વહીવટ થકી તમામ સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાય છે. તેવો વિશ્વાસ વિદ્યાર્થીઓ દ્વારા આજની પ્રવૃત્તિ સાથે વ્યક્ત કરવામાં આવ્યો હતો. બી બી એ કોલેજ નાં યુવા વિદ્યાર્થી દ્વારા પોતાના હાથ ખર્ચ માંથી રૂપિયા બચાવી ને સ્વફાળા માંથી અંધશાળા માં અભ્યાસ ઉપયોગી ચીજ વસ્તુઓ તેમજ વિદ્યાર્થીઓ માટે ખાદ્ય ચીજો નું વિતરણ કર્યું હતું. અંધશાળા માં કુલ ૪૫ દીવ્યાન્ગ વિદ્યાર્થીઓ વિવિધ વર્ગ માં અભ્યાસ કરે છે. જેઓ ના માટે કોલેજ ના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃત્તિઓ કરી તેમને પ્રફુલ્લિત કર્યા હતા.જ્યાં તેઓએ વિદ્યાર્થીઓસાથે રહી ખુશનુમા વાતવરણ સર્જી દીધું હતું. તેમજ વિદ્યાર્થીઓ ને ને આરોગ્યપ્રદ અલ્પાહાર કરાવ્યો હતો. તેમજ તેઓનાં માટે એક સુંદર સંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાથી તેઓનાં જીવન માં ઉમંગ પ્રસરે તે માટે વિદ્યાર્થીઓ ઉમદા પ્રવૃત્તિ કરી હતી.

કાર્યક્રમ ની પ્રેરણા કોલેજ નાં આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓ ને મળી હતી. પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી ના હેડ ડૉ.જયેશ તન્ના એ સમગ્ર કાર્યક્રમો નું સંકલન કર્યું હતું. જેમાં અંધશાળા કોલેજ નાં ધર્મેન્દ્ર રાઠોડ, પ્રો. આશિષ ભુવાપ્રો.પ્રીતેશ સોલંકી,પ્રો.જાનકી દવે દ્વારા સ્કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓ ને ઉત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ ડૉ. જયેશ તન્ના તેમજ સમગ્ર કોલેજ પરીવાર દ્વારા સંપન્ન કરવા માં આવ્યો હતો.

૬-૩-૨૦૧૯

ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજ ખાતે થેલેસેમિયા ટેસ્ટનો કાર્યક્રમ યોજાયો







ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન(બીબીએ) કોલેજ દરવર્ષે વિદ્યાર્થીઓના હિતમાં અનેક પ્રવૃતિઓ કરે છે. જેમાં હિમોગ્લોબીન ટેસ્ટ તેમજ થેલેસેમિયા ટેસ્ટ જેવી વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય ને ધ્યાનમાં રાખીને ઉપયોગી પ્રવૃતિઓ કરવામાં આવે છે. આ સમગ્ર કાર્યવાહી માટે જીલ્લા તેમજ રાજય ના યુનિટ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. થેલેસેમિયાનો ટેસ્ટ વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે. કારણ કે આપણે જાણીએ છીએ. કે માઈનોર થેલેસેમિયા વાળી વ્યક્તિનું લગ્ન અન્ય માઈનોર થેલેસેમિયા ધરાવતી વ્યક્તિ સાથે થાય તો મેજર થેલેસેમિયા ની સંભાવના વાળું બાળક જન્મે છે.અને આવા બાળક ને નિયમિત રીતે રક્ત ની જરૂર પડે છે. તેમજ તેનું સ્વાથ્ય ને લગતા અનેક પ્રશ્નો ઉભા થાય છે. માટે વૈવાહિક જીવન પહેલા થેલેસેમિયા નો ટેસ્ટ જરૂરી છે. આ બાબત ની ગંભીરતા સમજી કોલેજ દરવર્ષે નવા પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ નો ટેસ્ટ કરાવે છે. આ વખતે ફિલ્ડ ઓફિસર નિલેશભાઈ દ્વારા કોલેજ ને સહકાર આપવા માં આવ્યો હતો. તેમજ રીપોર્ટ આવ્યા બાદ તમામ વિદ્યાર્થીઓ માટે કોલેજ ખાતે કાઉન્સીલીંગ સેશન નું આયોજન કરવા માં આવશે. જેનો લાભ તમામ વિદ્યાર્થીઓ મેળવશે.

સમગ્ર કાર્યક્રમ પ્રવૃત્તિ કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ પ્રો.મેથ્યુ જોહન, પ્રો.જાનકી દવે દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવા માં આવ્યો હતો.

૭-૩-૨૦૧૯ ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજ દ્વારા પ્લેસમેન્ટ અને ઈન્ટર્નશીપ ડ્રાઈવ યોજાઈ





ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન બીબીએના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ફાઈનલ પ્લેસમેન્ટ તેમજ દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવમાં ગાંધીનગર સ્થિત સર્કીટ સીસ્ટમ ઈન્ડિયા લીમીટેડ તેમજ અમદાવાદ સ્થિત ઈવોક- એચ.આર. કંપનીઓ હાજર રહી હતી. કંપની દ્વારા ૯,૫૦૦નાં સ્ટાઈપેન્ડ સાથે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. જોબ માટે પસંદ થયેલ વિદ્યાર્થીઓ માટે પગાર તેમજ અન્ય ભથ્થાં મળીને ૧૯,૦૦૦ રૂપિયા માસિક રકમ નિયત કરવામાં આવી હતી. બંને હેતુ માટે કુલ ૨૮ વિદ્યાર્થીઓના ઈંટરવ્યૂ લેવાયા જેમાંથી ૧૫ની પસંદગી કરવામાં આવી હતી.

કોલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રુસ્ટી, ટ્રેનિંગ અને પ્લેસમેંટ કમિટીના હેડ ડૉ. જયેશ જે. તન્ના, પ્રો. આશિષ ભુવા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

८-३-२०१९,

ગાંધીનગર સમાચાર

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા વૃદ્ધાશ્રમની મુલાકાત



## વિદ્યાર્થીઓએ વડીલો સાથે સમય પસાર કર્યો અને તેમને જરૂરી વસ્તુઓ પણ ભેટમાં આપી

ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન બીબીએના ૩૫ વિદ્યાર્થીઓએ વૃદ્ધાશ્રમમાં સીધું-સામાન તેમજ જીવન જરૂરી ચીજ વસ્તુઓનું વિતરણ કર્યું હતું. ગાંધીનગર નજીક પેથાપર ખાતે આવેલ ઘરડાઘર ખાતે વિદ્યાર્થીઓએ પોતાનો સમય વૃદ્ધ વડીલો માટે ફાળવ્યો હતો જ્યાં તેઓએ વડીલો સાથે રહી ખુશનુમા વાતવરણ સર્જી દીધું હતું. કુલ ૧૦૫ વૃદ્ધો તેમજ સંચાલકો સહીત ગણમાન્ય નાગરિકો વિદ્યાર્થીઓના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ની પ્રેરણા કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને મળી હતી. પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્નાએ સમગ્ર કાર્યક્રમનું સંકલન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમ ડો.નીરવ જોશી સહીત સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સંપન્ન કરવા માં આવ્યો હતો.

૯-૩-૨૦૧૯, ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજ દ્વારા સ્વચ્છતા અભિયાન



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૪૨ વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે જોડાયા હતા, જેમણે સ્વચ્છતા માટેના શપથ લઈ દરેક વર્ગમાં આ માટેની જાગૃતિ ફેલાવવા પ્રયાસ કર્યો હતો. ઉપરાંત સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને પોતાના રહેણાક વિસ્તાર કે શાળા-કૉલેજ અને અન્ય જાહેર સ્થળો પર પહોંચી સફાઈ માટે લોકોને જાગૃત કરવાનું સ્વીકાર્યું હતું. કૉલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પૃસ્ટીના માર્ગદર્શન હેઠળ ડૉ. જયેશ તન્ના, પ્રો. મેથ્યુ જહોન તેમજ સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા આ ઉપક્રમને સફળ બનાવવા સક્રિયતા દાખવવામાં આવી હતી.

૧૪-૩-૨૦૧૯ ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે યોગ શિબિર





કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ માટે નિશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડો. ચંદ્રકાંત તથા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગરના જાણીતા યોગ ગુરુ સત્યપ્રકાશ સૂરીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ કોલેજનાં આચાર્ય ડો.રમાકાંતપૃષ્ટિ ના માર્ગદર્શન હેઠળ ડો.જયેશતન્ના, ધર્મેન્દ્ર રાઠોડ, ડો.આશિષ ભુવા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવા માં આવ્યો હતો. યોગ શિબિર સંપન્ન થયા બાદ :

કેટલાક વિદ્યાર્થીઓએ અભિપ્રાય આપતા જણાવ્યું હતું તેઓ છેલ્લા કેટલાક વર્ષથી નિયમિત રીતે યોગ સાધના કરે છે, જેનાથી તેઓના સ્વાસ્થ્યમાં ખુબ સુધારો જોવા મળ્યો છે.

૧૫-૩-૨૦૧૯

# ગાંધીનગર સમાચાર




ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને તેમની ફાઈનલ ઈન્ટર્નશીપના પ્રમાણપત્રો તેમજ ગુણપત્રક વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ વિદ્યાર્થીઓને શીખ આપી હતી કે 'ઈન્ટર્નશીપને બોજ સમજવાને બદલે પ્રેક્ટીકલ જ્ઞાન પ્રાપ્ત કરવાની અમૂલ્ય તક સમજી તે સાથે સંકળાયેલી ઔદ્યોગિક મુલાકાતો અને તેના રિપોર્ટસ સહિતની પ્રોસેસ સમજવા રસપૂર્વક પ્રયાસ કરશો તો તેમાંથી ઘણું બધું કારકિર્દી લક્ષી જ્ઞાન અને તકો મેળવી શકશો.'

૨૭-૩-૨૦૧૯,

ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજના તૃતિય વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ




કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના તૃતિય વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ તાજેતરમાં યોજાયો હતો. આ સમગ્ર કાર્યક્રમ દ્વિતીય તેમજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા આયોજીત થયો હતો. વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓએ પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું હતુ કે કૉલેજના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા તેઓને હંમેશા માર્ગદર્શન તેમજ સહકાર પ્રાપ્ત થયો છે. તેઓ આજે જે કાંઈ મેળવી શક્યા છે તેમાં કૉલેજનો અમલ્ય ફાળો છે. કૉલેજ નાં આચાર્ય ડૉ. રમાકાંત પષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને આગામી પડકારો માટે તૈયાર રહેવા જણાવાયું હતું. ડૉ.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને મેનેજમેન્ટના એટીકેટસ દ્વારા ઉજજ્વળ કારકિર્દીનું ઘડતર કરવા જણાવાયું હતું. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિવિધ રમતગમતની પ્રવૃતિઓ આ નિમિત્તે યોજી હતી. સંગીત-ખુરશી, કોથળાદોડ, નિશાન તાક, રસ્સા ખેંચ જેવી રમતો રમી વિદ્યાર્થીઓ પ્રફુલ્લિત બની ગયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. રમાકાંત પુસ્ટીના માર્ગદર્શન હેઠળ ડો. જયેશ તન્ના, ડૉ. નીરવ જોશી તેમજ સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા સફળતાપર્વક કરવામાં આવ્યં હતં.

પરિવારે નાઝ અન્સારીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# બીબીએ કોલેજ ખાતે વકતૃત્વ અને પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા. ૩૦

બીબીએ કોલેજ દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે પેઈન્ટિંગ સ્પર્ધા અને વકતૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા તમામ વિદ્યાર્થીઓને આ દિવસનો મહિમા સમજાવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓ ને શુભકામના પાઠવવામાં આવી હતી. કોલેજ તરફ થી ડો. નીરવ જોશી દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરાયું હતું. સમગ્ર કોલેજમાંથી કુલ ૨૪ વિદ્યાર્થીઓને પસંદ કરી ફાઈનલ વકતૃત્વ સ્પર્ધા માટે મોકલવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમાને અનુલક્ષીને ચાર વિષયમાંથી કોઈ એક વિષય પસંદ કરી પોતાનું વકતવ્ય આપવાનું હતું. વકતૃત્વમાં પ્રથમ ક્રમે શિવાંગ ગોસ્વામી, દ્વિતીય ક્રમે હર્ષ વઘાસિયા તેમજ તૃતીય ક્રમે કાદરી સાયીકા સ્પર્ધાને અંતે આવ્યા હતા જ્યારે પોસ્ટરમેકીંગમાં ૨૪ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં પ્રથમ ક્રમે કાજલ ચૌધરી, દ્વિતીય ક્રમે સોનલ દાસ તેમજ તૃતીય ક્રમે બંસરી ડાંગી પસંદગી પામ્યા હતા.

૩૦-૩-૨૦૧૯ ગાંધીનગર સમાચાર

# બીબીએ કોલેજના ૧૨ વિદ્યાર્થીઓનુ સમર ઈન્ટર્નશીપ પ્લેસમેંટ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સ્થિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ માટે કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો હતો જેમાં બીબીએના ૧૯ વિદ્યાર્થીઓએ સહજાનંદ લેસર ટેકનોલોજી કંપનીમાં ઈન્ટરવ્યું આપ્યા હતા જેમાંથી ૧૨ની પસંદગી થઇ હતી.

સમર ઈન્ટર્નશીપ માટે પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના દ્વારા કંપનીને આમંત્રિત કરવામાં આવી હતી તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંકલન કર્યું હતું. કંપની તરફથી નીલોફર મેડમ (એચ-આર.હેડ ગુજરાત) દ્વારા સંપૂર્ણ સહકાર સાંપડ્યો હતો. તેમજ કંપની તરફથી પ્રસન્ન શુક્લા ટેલેન્ટ એક્વેઝીશન તેમજ



અપર્ણા અવસ્થી એચ. આર. મેનેજર ને કાર્યક્રમમાં આવકાર્યા હતા તેમજ વિદ્યાર્થીઓને કંપનીના અધિકારીશ્રી દ્વારા ઈન્ટર્નશીપ માટેના મહત્વપૂર્ણ મુદ્દાઓનું માર્ગદર્શન આપ્યું હતું. તેમજ કંપની વિષેની ઉપયોગી માહિતી વિદ્યાર્થીઓને આપવા માં આવી હતી. જેમાં માર્કેટ, ઈન્સ્ટ્રુમેન્ટ, એડમિનિસ્ટ્રેશન, બેક ઓફીસ, આઈ.ટી. વિભાગ, પ્રોડક્શન વિભાગ, માર્કેટ વિભાગ બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. જેમાં તેઓ આગામી ૩૦ દિવસ કાર્ય કરી અનુભવ મેળવશે. વિદ્યાર્થીઓની પ્રી ઈન્ટર્નશિપ તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓને આગામી ૩૦ દિવસમાં તેઓને ઈન્ટર્નશિપ દરમ્યાન જે કાર્ય વિશેષ સોંપવામાં આવે તેના તમામ પાસાઓની સમજ અહીં તાલીમ દરમ્યાન ઊંડાણપૂર્વક વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. ઉપરોક્ત બેદિવસીય તાલીમ શિબિરમાં પ્રેઝન્ટેશન તમજ સોફ્ટસ્કીલ, કમ્યુનીકેશન બાબતે તાલીમ આપવામાં આવી હતી. તમામ વિદ્યાર્થીઓને કંપની તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

૩-૪-૨૦૧૯ ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજ ઉત્કલ દિવસની ઉજવણીમાં




ગાંધીનગર, તા. ૨

૮૪મા "ઉત્કલ દિવસ" ની ઉજવણીમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા સંચાલન યોગદાન આપવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી મુખ્ય મહેમાન તરીકે તેમજ ન્યાયમૂર્તિ પી. પી. ભટ્ટની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. પૂર્વ આઇ.એ.એસ અધિકારી અને જગન્નાથ સાંસ્કૃતિક અને રીસર્ચ એકેડેમીના ચેરમેન ડૉ. એસ. કે. નંદા દ્વારા ભગવાન જગન્નાથને યાદ કરી ઓડીશા ની સંસ્કૃતિ બાબતે મહત્વપૂર્ણ બાબત રજૂ કરી હતી. ગાંધીનગર ઉડીયા સમાજના અધ્યક્ષ એસ. કે. મિશ્રા દ્વારા મહેમાનોને આવકારવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યના વિજીલન્સ કમિશનર એચ. કે. દાસ દ્વારા ગુજરાત તેમજ ઓડીશાના ઐતિહાસિક વ્યવસાયિક સબંધો બાબતે જણાવાયું હતું. ઉડિયા સમાજ ગાંધીનગરના મહામંત્રી તેમજ ગુજકોસ્ટના ડિરેક્ટર ડૉ. નરોત્તમ સાહુ દ્વારા ગાંધીનગર ઉડિયા સમાજ વતી સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

૪-૪-૨૦૧૯,

ગાંધીનગર સમાચાર

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા

# રીટેલ મેનેજમેન્ટ કોર્સની દ્વિતીય બૅચ સંપન્ન








ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા ધો.૧૨ ઉતીર્ણ વિદ્યાર્થીઓ માટે ૨ મહિનાનો રીટેલ મેનેજમેન્ટ વિષયક સર્ટીફીકેટ કોર્સ શરુ કરવામાં આવ્યો છે. જેની દ્વિતીય બેચ સમાપ્ત કરનારા ૪૦ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવા એક સમારોહનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને આ ઉત્કૃષ્ટ તાલીમ મેળવી તેઓ તેમના વ્યવસાયિક જીવનમાં તેનો ઉપયોગ કરે તેવી શુભકામના પાઠવવામાં આવી હતી. કાર્યક્રમ નું સંકલન કોર્સના સંયોજક પ્રો. મેધ્યુ જહોન દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માટે કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, ડો.જયેશ તન્ના, પ્રો.મેધ્યુ જહોન દ્વારા સંપૂર્ણ જવાબદારી સંભાળવામાં આવી હતી.

૯-૪-૨૦૧૯,

ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરની બીબીએ કોલેજની એલ્યૂમિની મીટ યોજાઈ

ગાંધીનગર, તા.૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન દ્વારા ભૂતપુર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ વર્ષનો કાર્યક્રમ સરખેજ-ગાંધીનગર હાઈવેપર, ખોરજ સ્થિત શ્રી અતિથી ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે યોજાયો હતો. જેમાં ૨૫૦ ભૂતપુર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત કોલેજનાં આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિએ ઉપસ્થિત તમામ ભૂતપુર્વ વિદ્યાર્થીઓનું સ્વાગત કરી તેઓએ યૂનિવર્સિટી, ટ્રસ્ટ અને કોલેજવતી સૌનું સ્વાગત કર્યુ હતુ. તેઓએ પ્રાસંગિક સંબોધનમાં પૂર્વ વિદ્યાર્થીઓને કડી સર્વ વિશ્વવિદ્યાલય તેમજ કોલેજની સ્થાપનાથી લઈ આજ સુધીની સીદ્ધિઓ વિષે વાકેફ કર્યા હતા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળનાં વિકાસમાં પણ ભૂતપુર્વ વિદ્યાર્થીઓનો સિંહ ફાળો છે. તેમજ યુનિવર્સિટીની સીદ્ધિઓ વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો. કોલેજનાં ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ તથા આજના કાર્યક્રમનાં ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્નાએ વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા વર્ષ દરમ્યાન ચાલતી પ્રવૃતિઓનો ખ્યાલ આપ્યો હતો. તેઓ ૨૦૦૨થી લઈ ૨૦૧૮ સુધીનાં ઉતીર્ણ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ માટે કડી રૂપ બન્યા હતા. તેમણે કાર્યક્રમનાં ઉદેશ્ય બાબતે જણાવ્યુ હતુ કે પ્લેસમેંટ, ઈન્ટેન્શીપ, આન્ત્રપેન્યોરસેલ, ઈંડસ્ટ્રિયલ વિઝિટ સહિતની બાબતો પર કોલેજ વિશેષ ભાર મૂકે છે જેથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થઈ શકે. સ્નેહમિલન થકી પ્રસ્થાપિત થતા નવા સબંધોથી ભૂતપુર્વ વિદ્યાર્થીઓ એકબીજા સાથે ધંધાકીય સબંધો




પ્રસ્થાપિત કરી રોજગારીની તકો વધારી શકે છે. કોલેજ દ્વારા કંટીન્યૂઅસ અલ્યૂમિની ઈન્ટેરેશન કોન્સેપ્ટ હેઠળ (CAIC)હેઠળ વર્ષ દરમ્યાન ભૂતપુર્વ વિદ્યાર્થીઓને કોલેજની અનેકવીધ વિદ્યાર્થી વિકાસ પ્રવૃતિઓમાં સામેલ કરવામાં આવે છે જેમાં અલ્યૂમિની એક્સપર્ટ લેક્ચર્સનો સમાવેશ પણ થાયછે અત્રે કોલેજ દ્વારા ૨૮ ભૂતપુર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ.જેઓ કોલેજને વિદ્યાર્થીઓનાં વિકાસ માટેનાં કાર્યમાં મદદરૂપ થઈ રહ્યા છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે સતત વિકાસલક્ષી કાર્ય માટે સંપર્ક માં રહેવા માટે કોલેજ દ્વારા કોલેજની વેબ પેજ પર લીકની શરૂઆત કરવામાં અવી જેની મદદથી દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થી નો સરળતાથી સંપર્ક સાધી શકાય. કોલેજનાં સ્થાપના વર્ષ ૧૯૯૯ થી લઈ અને ગત વર્ષે ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. એલ્યુમની મીટ સાથે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ હાલના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૩ કંપનીઓ આવી હતી. ભૂતપુર્વ વિદ્યાર્થીઓનાં સ્વાગત માટે બીબીએનાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતીક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. જેને તમામ લોકોએ ખૂબ બિરદાવ્યો હતો. કાર્યક્રમના મેનેજમેન્ટમાં બીબીએનાં વિદ્યાર્થીઓ પણ સામેલ હતા.

૧૨-૪-૨૦૧૯ ગાંધીનગર સમાચાર

# બીબીએના વિદ્યાર્થીઓનું ઔદ્યોગિક એકમોમાં ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સ્થિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ માટે કોલેજ ખાતે કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો.

આ ઈન્ટર્નશીપ ડ્રાઈવમાં કુલ ૧૬ વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ આપ્યા હતા, જેમાંથી ૧૧ વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી. વિદ્યાર્થીઓ આ ૩૦ દિવસની ઈન્ટેન્શીપ દરમ્યાન માર્કેટિંગ તેમજ ફાઈનાન્સ ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરે જાણીતી કંપની સેલ્સ ઈન્ડિયામાં વિવિધ પાસાઓ સમજી સામાન્ય ઉપભોક્તાને તેના વિષે સાચી સમજ આપશે.

આ જ રીતે કલ્પતરુ તેમજ સહજાનંદ લેસર કંપની દ્વારા પણ વિદ્યાર્થીઓનું ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ સંસ્થામાં આવીને કરવામાં આવ્યું હતું.

કલ્પતરુ પ્રા.લી.નો પરિચય સુધાંશુ જહા દ્વારા આપવા માં આવ્યો હતો. સહજાનંદ લેસર તરફથી નીલોફરબેન અને પ્રસન્ના શુક્લા દ્વારા વિદ્યાર્થીઓની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

કૉલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કૉલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ ડૉ. જયેશ જે. તન્ના, પ્રો.આશિષ ભુવા તેમજ કૉલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠવવામાં આવી હતી.

૧૯-૪-૨૦૧૯, ગાંધીનગર સમાચાર

# બીબીએ કૉલેજ ખાતે મેગા પ્લેસમેન્ટ ડ્રાઈવ



ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન બીબીએના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ફાઈનલ પ્લેસમેન્ટ તેમજ દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવમાં સહજાનંદ લેસર, તાતા કન્સલ્ટન્ટન્સી સર્વિસીઝ, મોરફી ફાઈનાન્સ, ઈંટ્સ માય લાઈફ પ્રા. લી. જેવી કંપનીઓ હાજર રહી હતી. TCS તરફથી ઓમકાર, ઈંટ્સ માય લાઈફ તરફથી યશભાઈ, સહજાનંદ લેસર તરફથી પ્રસન્ના શુકલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિ, ટ્રેનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ.જયેશ.જે.તન્ના, પ્રો.આશિષ ભુવા તેમજ કૉલેજ પરિવાર દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી.

# બી.બી.એ કૉલેજ દ્વારા સામાજિક જવાબદારી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઑફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ)ના ૪૦ વિદ્યાર્થીઓ એક સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાયા હતા. યુવા વિદ્યાર્થી દ્વારા પોતાના હાથખર્ચમાંથી રૂપિયા બચાવીને સ્વફાળામાંથી અંધશાળામાં અભ્યાસઉપયોગી ચીજ વસ્તુઓ તેમજ વિદ્યાર્થીઓ માટે ખાદ્યચીજોનું વિતરણ કર્યુ હતું. અંધશાળાના કુલ ૪૫ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે



કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિઓ કરી તેમને પ્રફુલિત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ સાથે રહી ખુશનુમા વાતાવરણ સર્જી દીધું હતું. વિદ્યાર્થીઓને આરોગ્યપ્રદ અલ્પાહાર કરાવ્યો હતો તેમજ તેમના માટે એક સુંદર સંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કાર્યક્રમની પ્રેરણા કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને મળી હતી. પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ. જયેશ તશાએ સમગ્ર કાર્યક્રમનું સંકલન કર્યું હતું. અંધશાળાના ધર્મેન્દ્ર રાઠોડ, પ્રો. આશિષ ભુવા, પ્રો.પ્રીતેશ સોલંકી, પ્રો. જાનકી દવે દ્વારા કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર સમાચાર

# 'સંગત-૨૦૧૫'માં બીજા દિવસે યુવતિઓનો દબદબો રહ્યો





ગાંધીનગર, તા. ૧૦

કડી ખાતે આયોજિત કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુવક મહોત્સવ સંગત-૨૦૧૫ના બીજા દિવસે આજે વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં યુવતિઓનો દબદબો રહ્યો હતો. મોટાભાગની સ્પર્ધાઓમાં સ્પર્ધકો તરીકે યુવતિઓ જ જોવા મળી હતી. આમ આ યુવક મહોત્સવ એ સાચું જોતા યુવતિ મહોત્સવ બની રહ્યો ઈવેન્ટ્સનું હતું, જે પૈકી ગઈકાલે વયમર્યાદા બાબતે યુનિવર્સિટીએ નિયમોને વળગી રહેવાનું વલણ અપનાવતાં ડિબેટમાંથી ઘણા સ્પર્ધકો ઓછા થઈ ગયા હતા. ચારેક ટીમ વચ્ચે જ આ સ્પર્ધા યોજાઈ હતી અને એમાં ખાસ આકર્ષણ પણ રહ્યું ન હતું.

એ કારણે સૌથી વધારે આકર્ષણ ક્લાસિકલ ડાન્સ અને થિયેટર ઈવેન્ટનું રહ્યું હતું, જે અંતર્ગત ગ્રુપ

ત્રણેય સ્પર્ધાઓમાં યુવતિઓનો દબદબો રહ્યો હતો. માઈમની સ્પર્ધાઓમાં કેટલીય ટીમ એવી હતી કે જેમાં માત્ર યુવતિઓ જ સામેલ હોય. માત્ર યુવકો જ જેમાં સામેલ હોય એવી ટીમ એકાદ જ જોવા મળી હતી. આમ આ સ્પર્ધામાં યુવતિઓની સંખ્યા સૌથી વધુ રહી હતી. એ જ હાલત ક્લાસિકલ ડાન્સમાં પણ જોવા મળી હતી.

પરફોર્મન્સ યુવકો દ્વારા, બાકીનાં ૧૦ પરફોર્મન્સ યુવતિઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. આમ, આ સ્પર્ધા પણ યુવતિઓની સ્પર્ધા બની રહી હતી. માઈમની સ્પર્ધામાં પાણી બચાવો, પર્યાવરણ બચાવો, વૃક્ષ બચાવો, પ્રદૂષણ, નારી શક્તિ વગેરે વિષયોને લગતા અભિનય પ્રસ્તુત થયા હતા. સ્પર્ધા પણ ખાસ્સી કટોકટની હતી. ખચાખચ ભરેલા એનું એક કારણ એ પણ હતું કે ખાસ કોઈ નવા વિષયો અહીં જોવા મળ્યા ન હતા. આ કારણે આ સ્પર્ધા સરવાળે નિરસ બની રહી હતી. આમ, આજના દિવસની સૌથી રસપ્રદ સ્પર્ધા માઈમ સાબિત થઈ હતી.

માઈમની સ્પર્ધાના નિર્ણાયક તરીકે કુંતલ નિમાવત, ભરત પ્રજાપતિ અને એકપાત્રીય અભિનયની સ્પર્ધાના નિર્ણાયક તરીકે ત્રિવેદીએ થિયેટર ઈવેન્ટના પ્રારંભે સ્વાગત પ્રવચન કર્યું હતું અને નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો.

સાંજે આયોજિત ઈનામ વિતરણ સમારોહમાં આ યુવક મહોત્સવની ચેમ્પિયન કૉલેજ તરીકે એચવીએચપી કૉલેજ ઓફ સાયન્સ, કડીનું નામ જાહેર કરાયું હતું, જેણે ૯ સ્પર્ધાઓમાં વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું. સમારોહમાં પૂર્વ વૈજ્ઞાનિક અને







સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ કે પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મૅનેજમેન્ટ ઍન્ડ કૉમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ 'સિરાજ-૨૦૧૬' અંતર્ગત શનિવારે સાંજે ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સુંદર દશ્યોનું સર્જન કૉલેજ પરિસરમાં કર્યું હતું. આ ફેશન શો વિદ્યાર્થીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો. **(તસવીર : કશ્યપ નિમાવત)**

ગાંધીનગર સમાચાર

# કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિદ્યાર્થીઓને ૧.૧૩ કરોડની સ્કોલરશીપ

**સંસ્થાના પુર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે આરોગ્ય મંત્રીના હસ્તે વિવિધ શાળ-કોલેજો તેમજ શૈક્ષણિક સુવિધાના કામોનું લોકાર્પણ કરાયુ**







## મહાત્મા ગાંધીએ પણ બાળકને શિક્ષણ સંસ્કાર આપવા માટે કડી સર્વ વિદ્યાલયમાં ભણવા મુકવાની સરાહના કરી હતી : નિતીન પટેલ


## સ્કોલરશીપ મેળવનારા વિદ્યાર્થીઓ ભાવિ સમયમાં અન્ય વિદ્યાર્થીઓનુ ભવિષ્ય પણ ઉજજવળ બનાવશે : ચેરમેન વલ્લભાઈ પટેલ

ગાંધીનગર તા ૧૨ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પુર્વ ચેરમેન સ્વ માણેકલાલ પટેલની ચર્તુથ પુણ્યતિથિ નિમિત્તે કડી શહેરમાં સંસ્થાના ૮૩૭ વિદ્યાર્થીઓને ૧.૧૩ કરોડની શિષ્યવૃતિ એનાયત કરવામાં આવી હતી. આ તબક્કે આરોગ્ય મંત્રીના હસ્તે વિવિધ શાળા કોલેજો સ્પોર્ટસ કોમ્પલેક્ષ, લાયબ્રેરી, રીડીંગ રૂમ,રિસર્ચ લેબોરેટરી,વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર સહીત કર્મચુડામણી સ્વ માણેકલાલ પટેલની પ્રતિમાનુ અનાવરણ કરવામાં આવ્યુ હતુ. આ તબક્કે માર્ગ મકાન મંત્રી નિતિન પટેલે જણાંવ્યુ હતુ કે સર્વ વિદ્યાલય જેવી સંસ્થાઓ થકી વિકસિત સમાજ અને રાષ્ટ્રનુ નિર્માણ થાય છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પુર્વ ચેરમેન સ્વ માણેકલાલ પટેલની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે આજે મહેસાણા જિલ્લાના કડી શહેરમાં વિવિધ લોકાર્પણ વિધિ યોજવામાં આવી હતી. આરોગ્ય મંત્રી નિતિન પટેલના હસ્તે વિવિધ શાળા કોલેજો અને છાત્રાલયોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. સંસ્થાના ધરોહર સમા છગનભાની પ્રતિમા દર્શન ઇન્ડોર સ્પોર્ટસ કોમ્પલેક્ષ તેમજ સ્વ માણેકલાલ પટેલની પ્રતિમાનુ પણ અનાવરણ કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત પોસ્ટ ગ્રેજયુએટ સ્ટડીઝ એન્ડ રીસર્ચ,કુમાર છાત્રાલય,વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર, કોમ્પ્યુટર સેન્ટર સેમિનાર હોલ, લાયબ્રેરી તેમજ રીસર્ચ લેબોરેટરીનુ પણ તેમના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના ૮૩૭ વિદ્યાર્થીઓને ૧.૧૩ કરોડની શિષ્યવૃતિ એનાયત કરવામાં આવી હતી. આ તબક્કે મોટી સંખ્યામાં ઉપસ્થિત દાતાઓ તેમજ શાળાના ભુતપુર્વ વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ દરમિયાન આરોગ્ય મંત્રી નિતિન પટેલે જણાંવ્યુ હતુ કે રાજયમાં શૈક્ષણિક ક્ષેત્રે કડી સર્વ વિદ્યાલયે નામના મેળવી છે. પુ છગનભા તેમજ સ્વ માણેકલાલ પટેલ જેવા કર્મયોગીઓ અને શિક્ષણપ્રમીઓની મહેનત અને પ્રયત્નોથી સંસ્થા આજે વિશ્વ વિદ્યાલયમાં રૂપાંતર પામી છે. સંસ્થા થકી લાખો વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન આવ્યુ છે.કડીમાં ૧૮ હજાર તેમજ ગાંધીનગરમાં ૩૯ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. વર્ષ ૧૯૧૯ દરમિયાન શરૂ થયેલી કડી સર્વ વિદ્યાલય આજે શિક્ષણનુ વટવૃક્ષ બન્યુ છે. મહાત્મા ગાંધીએ પણ ૨૭ સપ્ટેમ્બરના રોજ ૧૯૨૯ના વર્ષમાં જણાંવ્યુ હતુ કે તમારા બાળકને શિક્ષણ સાથે સંસ્કાર આપવા હોય તો કડી સર્વ વિદ્યાલયમાં ભણવા મુકો. આરોગ્ય મંત્રીએ કડી સર્વ વિદ્યાલયના માર્ગને માણેકલાલ માર્ગનુ નામાંકરણ કરવાની નગરપાલિકા વતી જાહેરાત પણ કરી હતી. કડી કેળવણી મંડળના ચેરમેન સરદાર વલ્લભભાઇ પટેલે જણાંવ્યુ હતુ કે આ તબક્કે સંસ્થા દાતાઓનો આભાર માને છે. દાતાઓના સહયોગથી વિદ્યાર્થીઓને ૧.૧૩ કરોડની સ્કોલરશીપ એનાયત કરવામાં આવી છે. જે તેમના પરસેવાની કમાણી છે. આ વિદ્યાર્થીઓ પણ ભવિષ્યમાં પરિવાર ,સમાજ, તેમજ મિત્ર વર્તુળમાં ઉપયોગી બની સંસ્થાની આ શૈક્ષણિક પ્રવૃતિઓમાં પણ મદદરૂપ થઇ અન્ય વિદ્યાર્થીઓના ભવિષ્યને ઉજજવળ બનાવવા પ્રયાસ કરશે તેવી આશા વ્યકત કરી હતી.

**એસ.ટી. ડેપોના સંકુલમાં સોલાર પેનલ ફીટ કરવાનો પ્રોજેક્ટ હાથ ધરાશે**

# કડી સર્વ વિદ્યાલય દ્વારા રાજ્ય કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન








## ગ્લોબલ વોર્મિંગના કારણે સમગ્ર વિશ્વને સંશોધન, સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ફરજ પડી છે : શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા.૫

શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કડી સર્વ વિદ્યાલય આયોજિત રાજ્ય કક્ષાના અદભૂત એવા વિજ્ઞાન પ્રદર્શન કમ ઓપન હાઉસનું ઉદ્ઘાટન કરીને ૧૨૦૦ વિદ્યાર્થીઓ દ્વારા ૧૫૦ જેટલા વિવિધ મોડલ્સના પ્રદર્શન સ્ટોલની મુલાકાત લઈ દરેક મોડલની વિસ્તૃત માહિતી મેળવી હતી.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે શિક્ષણ જગતમાં સંસ્કારો સાથેનું સુંદર શિક્ષણ કાર્ય કડી સર્વ વિદ્યાલય કરે છે. વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાન પ્રદર્શનમાં બાયો ટેકનોલોજી, માઈક્રો બાયોલોજી, લાઈફ સાયન્સીસ, ફિઝીક્સ, કેમેસ્ટ્રી જેવા વિષયોને સાંકળી લેતા ૧૫૦ જેટલા અદભુત સ્ટોલ નિહાળીને વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય જોઈ શકે છે અને તે દિશામાં કાર્ય કરે છે. ગ્લોબલ વોર્મિંગના કારણે સમગ્ર વિશ્વને સંશોધન, સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ કરવની ફરજ પડી છે. તેમણે વિદ્યાર્થીઓને સંબોધીને કહ્યું હતું કે ખરેખર વિદ્યાર્થીઓ યુવા સાહસિકો છે, વિજ્ઞાનના કાર્યોમાં આગળ વધીને



આપ સૌ ભવિષ્યના ઉદ્યોગ સાહસિકો બની રોજગારી આપવાની દિશામાં આપ આગળ વધશો તેવો અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે શિક્ષણ મંત્રીના હસ્તે વિજ્ઞાન પ્રદર્શન કમ ઓપન હાઉસ પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું તેમજ વિજ્ઞાન પ્રદર્શન ક્વિઝ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને શિક્ષણ મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલે શિક્ષણ મંત્રીને સ્મૃતિ ચિહ્ન આપીને સન્માન કર્યું હતું.

આ વિજ્ઞાન પ્રદર્શન વિદ્યાર્થીઓ અને જાહેર જનતા માટે તા. ૬ ફેબ્રુઆરી ૨૦૧૬ સુધી ખુલ્લો રહેશે. સાયન્સ કારકિર્દી ઘડનાર વિદ્યાર્થીઓ ઉપરાંત જાહેર જનતાને આ પ્રદર્શનનો લાભ લેવા એલડીઆરપી કોલેજના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના ડીન રાજમલ જૈને અપીલ કરી છે.

આ પ્રસંગે ગુજકોસ્ટના સલાહકાર ડૉ. નરોત્તમ સાહુ, સંસ્થાના પ્રમુખ કનુભાઈ પટેલ સહિત વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ખૂણે ખાંચરેથી...

● વિધાનસભા ગૃહના પાછળના દરવાજા સલામતિના કારણોસર બંધ કરાયા

● દરેક કર્મચારીને પોતાનુ જ કાર્ડ સ્વીપ કરીને જ પ્રવેશ મેળવવા માટેની સૂચના આપતાં સામાન્ય વહીવટ વિભાગે જણાવ્યું છે કે દરેક બ્લોકના પ્રવેશદ્વારે હવે સી.સી. ટીવી કેમેરા મુકી દેવામાં આવ્યા છે. તેમજ બાજુના ગેટનો ઉપયોગ કરવો નહિ.

● આજે સચિવાલય સંકુલમાં કોન્ટ્રેક્ટ આધારિત કેટલાક કર્મચારીઓને પ્રવેશ અપાયો ન હતો. જેની ઘણી બધી અસરો કેટલાક વિભાગની કામગીરી પર પડ્યો હતો.

● ગાંધીનગર સે. ૮માં રહેતા નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામકશ્રી રશ્મિનભાઈ મહેતાનું દુઃખદ અવસાન થયું છે.

● સિવિલ સર્વીસીસની ટેબલ-ટેનીસની ટીમ આજે ભોપાલ જવા રવાના થશે.

● ખેલ મહાકુંભમાં ટેબલ ટેનિસની સ્પર્ધા જિલ્લાની આજે સંપન્ન થઈ છે.

● ગાંધીનગર શહેરમાં વારંવાર બદલાતા હવામાનને પગલે વાઈરલની બિમારીના કેસોની સંખ્યામાં વધારો થયો છે.

● ગાંધીનગરના કેટલાક સર્કલો પર ફૂવારાઓ ચાલુ કરી દેવામાં આવ્યા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના હાઉસ કીપીંગ કોન્ટ્રાકટરને લઈ એક નવો વિવાદ ઉભો થવા પામ્યો છે.

ગાંધીનગર સમાચાર

# ચારણકા સોલાર પ્લાન્ટની મુલાકાતે બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા.૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કોલેજના અભ્યાસના ભાગરૂપે તેમજ સાંપ્રત સમયમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ચાલતા વ્યવહારીક જ્ઞાનને પ્રત્યક્ષ રીતે સમજવા માટે આજે કોલેજના ૧૦૭ વિદ્યાર્થીઓએ બનાસકાંઠાના ચારણકા સ્થિત 'ગુજરાત સોલર પાર્ક'ની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓમાં ઔદ્યોગિક ક્ષેત્રની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યો નો વિકાસ થાય તે હેતુથી ૧૦૭ વિદ્યાર્થીઓએ ચાર જૂથોમાં વહેંચાઈ સોલાર પાર્ક વિષે માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓના ગ્રુપે એક પછી એક પ્લાન્ટની મુલાકાત લીધી હતી. સોલાર પાર્કમાં ટાવર પર તમામ વિદ્યાર્થીઓને લઈ જવામાં આવ્યા જ્યાંથી સમગ્ર પાર્કનો ઓવર વ્યુ જોવાનો લ્હાવો વિદ્યાર્થીઓને મળ્યો હતો. ત્યારબાદ ૧૦ મેગા વોટ વીજળીનું ઉત્પાદન કરતા પ્લાન્ટની વિઝિટ કરવામાં આવી. જ્યાં ઉર્જા ઉત્પાદનની સમગ્ર પ્રક્રિયા ઉંડાણ પૂર્વક સમજાવવામાં આવી હતી. સાંપ્રત સમયમાં સૌર ઉર્જા ક્ષેત્રે વ્યવસાયની ઉજળી તકો છે ત્યારે ભવિષ્યમાં એન્ટરપ્રેનયોર બનવા માટે વિચારતા વિદ્યાર્થીઓ માટે આ માહિતી ખૂબ ઉપયોગી સાબિત થશે. ત્યારબાદ ઉર્જા સંગ્રહ તેમજ તેના વિતરણની પધ્ધતિ તથા પાણીના સંગ્રહ તેમજ પ્રોસેસિંગ કર્યા બાદ તેને ઉદ્યોગોને ઉપયોગ માટે આપવાની વ્યવસ્થા બાબતે સમજાવવામાં આવ્યું હતું. સમગ્ર મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ટેકનિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિઝિટના છેલ્લા તબક્કામાં બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પોતાના અનુભવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે કોલેજ દ્વારા આયોજિત આ વિઝિટથી વિદ્યાર્થીઓમાં કારકિર્દી વિકાસની નવીન દિશાઓ વિશેની સમજણ પ્રાપ્ત થઈ હતી અને વિદ્યાર્થીઓએ કંપની તેમજ સંચાલકોનો આભાર વ્યક્ત કર્યો હતો.





અત્રે ઉલ્લેખનીય છે કે 'ગુજરાત સોલર પાર્ક" પ્લાન્ટ એશિયામાં તેમજ સમગ્ર વિશ્વમાં ખ્યાતિ ધરાવે છે ત્યારે આવા પ્લાન્ટની મુલાકાતનો મોકો વિદ્યાર્થીઓને મળ્યો તેથી વિદ્યાર્થીઓએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. જ્યારે સમગ્ર વિશ્વ ઉર્જા બાબતે ચિંતિત છે ત્યારે બિન પરંપરાગત ઉર્જાનો કઈ રીતે મહત્તમ ઉપયોગ થાય તે માટે સમાજને જાગૃત કરવાની ફરજ પણ યુવાનોની છે જે બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું. આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. પ્રકાશ નવલખા, પ્રદીપ પટેલ, પ્રો. મોનિકા ત્રિવેદી દ્વારા સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવી હતી.

ગાંધીનગર ભાસ્કર
દિવ્ય ભાસ્કર

# ક્વિઝ કોમ્પિટીશનમાં કડી BBA કોલેજના વિદ્યાર્થીઓ વિજેતા

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર







ગાંધીનગરમાં દર વર્ષે ભારતભરમાંથી મેનજમેન્ટ કોલેજના વિદ્યાર્થીઓ માટે ક્વિઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવો છે. જેમાં રાજ્યની ઘણી કોલેજોના વિદ્યાર્થીઓ ભાગ લેતા હોય છે. ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય સંચાલિત બીબીએ કોલેજના 3 વિદ્યાર્થીઓએ આ ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને વિજય ચૌધરી, દ્વિતિય સ્થાને દિવ્યાંગ મહારાજ અને ત્રીજા સ્થાને રવતાની મંમદખાન વિજેતા બન્યા હતાં. આ તમામ વિજેતા વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા સર્ટીફિકેટ અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતાં.

ગાંધીનગરમાં દર વર્ષે મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટના વિદ્યાર્થીઓ માટે ક્વિઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બી પી કોલેજ ઓફ બીઝનેશ એડમિનિસ્ટ્રેશનના 3 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત કોલેજના 600થી પણ વધુ વિદ્યાર્થીઓએ તથા અન્ય કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. જ્યારે રાજ્યકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીયકક્ષાની કોમ્પિટીશનમાં ભાગ લેવાની તક મેળવી હતી. ત્યારે બિઝનેશ એડમીનીસ્ટ્રેશનનાં ત્રણ વિદ્યાર્થીઓએ જનરલ નોલેજ ક્વિઝ સ્પર્ધામાં ઝળક્યા છે. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના જનરલ નોલેજમાં વધારો થાય તેવા ઉદેશ સાથએ ક્વિઝ સ્પર્ધઆનું આયોજન કરવામાં આવે છે. કોલેજનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટી, ડૉ. જયેશ તન્ના તેમજ પ્રોફેસરો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ આપવામાં આવ્યુ હતું.

ગાંધીનગર સમાચાર

# આઈસીઆઈસીઆઈની સ્ટોક માઈન્ડ સ્પર્ધામાં બીબીએ કોલેજ મોખરે

ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર સ્થિત બીબીએ કોલેજના વિદ્યાર્થીઓનું સતત ત્રણ વર્ષથી ઉત્કૃષ્ઠ પ્રદર્શન રહ્યું છે. આઈસીઆઈસીઆઈ સિકયુરીટી દ્વારા આયોજીત સ્ટોક માઈન્ડ સ્પર્ધામાં કોલેજ રાઉન્ડમાં પ્રથમ સ્થાનપ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. હવે સમગ્ર દેશની ૫૮૦ કોલેજ તેમજ ૮૦ શહેરના ૧,૭૦,૦૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા કરાશે તેમજ ત્યારબાદ રાજયકક્ષાએ તેમજ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામશે.

આ સ્પર્ધામાં કુલ ૫ વિદ્યાર્થીઓની કોલેજ લેવલે થયેલા રાઉન્ડમાં પસંદગી થઈ જેમાં હર્ષિત પટેલ પ્રથમ, વિશાલ શુકલા દ્વિતીય તેમજ અશ્વિન ડાભી તૃતીય સ્થાને પસંદગી પામ્યા છે. આ ઉપરાંત કિશન ઉપાધ્યાય અને જીજ્ઞેશ પટેલનો સમાવેશ કોલેજ લેવલે પ્રથમ તેમજ દ્વિતિય વિજેતાઓમાં કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ વર્ષથી બીબીએના વિદ્યાર્થીઓ ઉપરોકત સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે અને રાષ્ટ્રીય તેમજ રાજયકક્ષાએ સ્થાન પામી રહ્યા છે.

કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમની સાથે આવી પ્રવૃત્તિઓ તેમના કૌશલ્યને ખિલવવા મદદરૂપ બની રહે છે.



સ્ટોક માઈન્ડ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ ઓન લાઈન રજીસ્ટ્રેશન કરી કંપની દ્વારા બનાવવામાં આવેલ વેબસાઈટ પર લોગીન કરવાનું હોય છે ત્યારબાદ તેઓને કંપની શેર માર્કેટમાં ટ્રેડીંગ કરવાનો મોકો આપે છે અને તેમાં વિજેતા બનનાર વિદ્યાર્થી એટલે કે સૌથી વધારે નફો મેળવનારને વિજેતા જાહેર કરવામાં આવે છે. કંપની દરેક સ્પર્ધકને ૧૫,૦૦,૦૦૦ વર્ચ્યુલ મની આપે છે. અને ત્યારબાદ તેઓ કેટલો નફો મર્યાદિત સમયમાં કમાય છે જેના આધારે વિજેતા જાહેર થાય છે. આ વર્ષે ગાંધીનગર સ્થિતિ બીબીએ કોલેજના ૮૩૫ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધાના આયોજન તેમજ શેર-સ્ટોક માર્કેટ બાબતે વિદ્યાર્થીઓને આઈસીઆઈસીઆઈ સિકયુરિટીઝ લિમિટેડના માર્કેટીંગ હેડ ઝંખના શ્રીવાસ્તવ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. છેલ્લા બે વર્ષથી આ કોલેજના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ખુબ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે. જેમાં જય સુથાર રાષ્ટ્રીય સ્તરે દ્વિતિય તેમજ નિખિલ ચૌહાણ રાજય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ચુકયા છે.

આગામી રાઉન્ડની શરૂઆત ૧૪ માર્ચ ૨૦૧૬થી થશે જેથી દરેક વિજેતા સ્પર્ધકને સફળતા મળે તેવી શુભકામના પાઠવવામાં આવી હતી. સમગ્ર સ્પર્ધાનું આયોજન કોલેજ સ્તરે આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેટમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના અને ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા જવાબદારી સંભાળી સફળતાપૂર્વક કરાયું હતું.

ગાંધીનગર સમાચાર

# એચ.આર. કોન્ફરન્સમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ૪૫ વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા.૧૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીપી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (ગાંધીનગર), એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કંપ્યૂટર સ્ટડીસ (ગાંધીનગર), એસ.વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કંપ્યૂટર સ્ટડીસ(કડી), એન.પી. કોલેજ ઓફ કંપ્યૂટર સ્ટડીસ એન્ડ મેનેજમેન્ટ(કડી)નાં વિદ્યાર્થીઓની આવી પ્રતિષ્ઠિત કોન્ફરન્સ માં ભાગ લેવા માટે પસંદગી થતા મેનેજમેન્ટ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી ઘડવા માગતા વિદ્યાર્થીઓને ખૂબ સારી તક સાંપડી હતી. યુનિવર્સિટીનાં પ્રેસીડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ સાહેબે વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે તેમને હંમેશા આવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં નિષ્ણાંત વ્યાખ્યાન માટે વિદ્યાર્થીઓ પ્રેરિત થાય તેના પ્રોત્સાહનના ભાગ રૂપે પ્રવેશ ફી યુનિવર્સિટી દ્વારા ચૂકવવાની વ્યવસ્થા કરી હતી. જે બાબતે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ એક દિવસીય કોન્ફરન્સ માં વિદ્યાર્થીઓને હ્યૂમન રિસોર્સનાં અનેક પાસાઓ જે તેઓ બીબીએ નાં અભ્યાસક્રમ માં ભણી રહ્યા છે. તેને ઉંડાણ પૂર્વક સમજવાનો મોકો મળ્યો તેમજ સમગ્ર દિવસ દરમ્યાન ભારતનાં ખ્યાતનામ વક્તાઓએ વિદ્યાર્થીઓને સાંપ્રત



સમય માં એચ.આર ની ભૂમિકા તેમજ તેનો સદુપયોગ કરવા માટે નાં સૂચનો ઉદાહરણ સાથે સમજાવ્યા. કાર્યક્રમમાં આઈઆઈએમ અમદાવાદનાં ભૂતપુર્વ અધ્યાપક ડૉ. ટી.વી. રાવ(ચેરમેન TVRLS Ltd) જેઓ કાર્યક્રમ નાં સંયોજક હતા તેમણે વિદ્યાર્થીઓને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા તેની ભવિષ્યમાં શુ ભૂમિકા રહેશે તેમજ મેનેજમેન્ટ ક્ષેત્રે તેની ઉપયોગિતા બાબતે વિદ્યાર્થીઓને વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો. કૉર્પોરેટ ક્ષેત્રે એચ.આર. વિષય નું ૩૬૦ ડિગ્રી નાં અંશે મુલ્યાંકન કર્યુ હતુ. તેમજ નેતૃત્વ, વિકાસ તેમજ પુરવઠાનાં વિતરણ બાબતે ચાલતા ચક્ર તેમજ કૉર્પોરેટ ક્ષેત્રની સામાજીક જવાબદારીઓ જેવી બાબતો પર વિદ્યાર્થીઓ સાથે ચર્ચા- વિચારણા કરવામાં આવી હતી. વ્યક્તિ કે કોઈ પણ એકમની કામગીરીનું મુલ્યાંકન અને તેના માપદંડો બાબતે વિસ્તૃત છણાવટ કરી હતી. વ્યકિતની યોગ્યતા તેને મળવુ જોઈતુ પ્રોત્સાહન, સમાજ ઉપયોગી થવાની પ્રેરણા તેમજ સમગ્ર પરિસ્થિતિને હકારાત્મક બનાવવાની આવડત જેવી બાબતો પર વક્તાઓએ ભાર મૂક્યો હતો. તેમજ ફક્ત સફળ કાર્યદક્ષતા જ નહી પરંતુ એક સ્વપ્ન દ્રષ્ટા બનવાની શિખ વિદ્યાર્થીઓને આપી હતી. તેમજ કાર્યદક્ષતાનું નિર્ધારણ ને સફળતા માટેની પહેલી શરત ગણાવી હતી. કાર્યક્રમમાં શ્રી રામકુમાર ભૂતપુર્વ ડિરેક્ટર આઈસીઆઈસીઆઈ, ડૉ.શ્રીપદા ચંદ્રશેખર અધ્યક્ષ તેમજ વૈશ્વિક વડા(એચ.આર) Dr. Reddy's Laboratories Ltd. તેમજ અન્ય ગણનામ વક્તાઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

THE TIMES OF INDIA
*INCLUSIVE OF AHMEDABAD TIMES (FOR AHMEDABAD AND GANDHINAGAR CITIES ONLY)



# A ROLLICKING START

## KADI SARVA VISHWAVIDYALAYA

The Clean & Clear™ Ahmedabad Times Fresh Face 2015 couldn't have got off to a better start, as participants at Kadi Sarva Vishwavidyalaya put on some stellar performances and made it a fun occasion. The event started on a patriotic note, with Eishan Ditya showcasing his emoting skills and delivering a strong message about the sacrifices made by our soldiers. After that, the youngsters showed that it's not just studies that they are good at. Numerous energetic dance performances and some soulful songs (including a Gujarati *bhajan*) kept everyone entertained, while some participants excelled at elocution and ramp walk. Emcee Rohan Joshi was at his witty best, and his friendly banter with the participants had the audience in splits. The best part about the singing performances was that every time, the entire auditorium sang along with the participants, creating a wonderful ambience. Actress Tillana Desai and fashion designer Nilesh Parashar, the judges for day one of the Clean & Clear™ Ahmedabad Times Fresh Face 2015, were spoilt for choice while deciding the winners. Tillana Desai said, "This event is a wonderful platform for youngsters and it was heartening to see that they made the most of this opportunity. There were some wonderful performances, and it was tough to choose the winners." Nilesh Parashar seconded her, "I had a wonderful time judging this event and some of these youngsters have a lot of potential. I am sure that they will just get better in the coming rounds." Neha Thaker was the winner among the girls, while Heena Shukla was the first runner-up. Nidhi Dholu and Riya Pancholi were the joint second runner-up. Among boys, Prashant Sharma emerged as the winner, while Ruturajsinh J Makwana and Eishan Ditya were the first and the second runner-up, respectively. Going by the response on the opening day, this event is surely going to get bigger and better in the coming days.

— Soumitra.Das@timesgroup.com

Clean & Clear
Ahmedabad Times
FRESH FACE 2015
Register on itimes.com

Pics: Mayur Bhatt




Heena Shukla

Ruturajsinh J Makwana

1ST RUNNER UP

ગાંધીનગર સમાચાર

# સફળ બનવું હોય તો પહેલાં સારા નાગરિક બનો



## બાલાજી વેફર્સના માલિક ચંદુભાઈ વિરાણીએ વિદ્યાર્થીઓને સફળતાનું રહસ્ય સમજાવ્યું

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનના વિદ્યાર્થીઓ અભ્યાસક્રની સાથે સાથે પ્રાયોગિક તાલીમ મેળવવા માટે ડિગ્રી કોર્સના ત્રણ વર્ષના અભ્યાસક્રમ દરમ્યાન કુલ ૬ વખત વિવિધ નામાંકિત ઉદ્યોગગૃહની મુલાકાતે જાય છે. તેમજ ત્યાં ઉદ્યોગની સ્થાપનાથી લઈ સાંપ્રત સમયમાં તેને સ્પર્શતા તમામ મુદ્દાઓનું અવલોકન કરે છે. અને ભવિષ્ય માં જે તે વ્યવસાય સામે આવનાર પડકારો બાબતે અભ્યાસ થાય છે.

ચાલુ શૈક્ષણિક સત્રમાં તૃતીય વર્ષ નાં ૭૫ વિદ્યાર્થીઓ ભારત ની નામાંકિત નમકીન માટે જાણીતી કંપની બાલાજી વેફર્સ પ્રા. લિ.ની મુલાકાતે રાજકોટ ખાતે ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બાલાજી વેફર્સ પ્રા. લિ. હાલ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ ગોવા જેવા પ્રદેશોમાં ખૂબ નામના ધરાવે છે. તેમજ કંપનીનું વિસ્તરણ ગુજરાતમાં રાજકોટ,વલસાડ તેમજ મધ્યપ્રદેશમાં ઈન્દોર ખાતે કરવામાં આવ્યું છે. અને ખુબ નાના પાયા સફળતાપૂર્વક પહોંચી છે. કંપનીની લગભગ ૧૩ જેટલી જુદી જુદી નમકીનની વેરાઈટી બજાર માં ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓએ કંપનીમાં ઉત્પાદનથી લઈ તેના વેચાણ, તેની ગુણવત્તાની જાળવણી જેવી તમામ બાબતોનું પ્રત્યક્ષ અવલોકન કર્યું તેમજ પ્લાન્ટની મુલાકાતની સાથે સાથે વિવિધ અધિકારીઓ સાથે પ્રશ્નોતરી કરી અને તેના સંતોષજનક જવાબ મેળવ્યા હતા. ત્યારબાદ કંપનીના માલિક ચંદુભાઈ વિરાણી સાથે મુલાકાત કરવાની સુવર્ણ તક કર્યું હતું અને પોતાના અનુભવ જણાવ્યા હતા તેમજ વિદ્યાર્થીઓના તમામ પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપ્યા હતા. કંપનીના ભાવી આયોજન તેમજ પર્યાવરણ બાબતે કરવામાં આવી રહેલ કાર્યોની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ ને સફળ બનવું હોય તો પહેલા સારા નાગરિક બનવાની શીખ આપી હતી. સમગ્ર વિઝિટ નું આયોજન કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ સમિતિના હેડ ડો. જયેશ તન્ના તેમજ ડો. નીરવ જોશી,

ગાંધીનગર સમાચાર

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીબીએ કોલેજ દ્વારા પાંચ દિવસીય સિવિલ ડીફેન્સ તાલીમનું આયોજન



ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સ્થિત બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ)ના ૧૭૨ વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારના ગૃહ વિભાગ અંતર્ગત નાગરિક સંરક્ષણ તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું સાંપ્રત સમય માં મેનેજમેન્ટ નાં વિદ્યાર્થીઓ અભ્યાસ ની સાથે સાથે રાષ્ટ્રનિર્માણ ની પ્રક્રિયા માં જોડાય તેવા ઉદેશ્યથી સમગ્ર તાલીમ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર તાલીમ કુલ પાંચ દિવસ સુધી વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ અપાઈ હતી. જેમાં પ્રથમ દિવસે સિવિલ ડીફેન્સનું માળખું સમજાવવામાં આવ્યું હતું. બીજા દિવસે ટાઈપ ઓફ વોર બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. જેમાં યુદ્ધ કેટલા પ્રકાર ના હોઈ શકે તેમજ તેવા સમયે સામાન્ય માણસ સ્વબચાવ ની સાથેસાથે કઈ રીતે સમાજને ઉપયોગી થઈ શકે. તે બાબતે તાલીમ આપવામાં આવી હતી. તેમજ કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિ સમયે પણ બચાવ કામગીરી ની તાલીમ આપવામાં આવી હતી.તૃતીય દિવસે આગ ના બનાવ સમયે કઈ રીતે સ્વબચાવ કરવો તેમજ ફર્સ્ટ એડ તેમજ તાત્કાલિક બચાવ સારવાર બાબતે વિદ્યાર્થીઓને ખુબ ઉપયોગી માર્ગદર્શન આપવા માં આવ્યું હતું. તેમજ ચોથા દિવસે ફાયર તત્કાલ સેવા વાન ઉપલબ્ધ કરાવી વિદ્યાર્થીઓને જીવંત નિદર્શન બતાવવા માં આવ્યું હતું. સાથે સાથે ૧૦૮ તત્કાલ સેવા વાન અને મીની વોટર ટેન્ડર તેમજ ઈ વાન બાબતે પણ વિદ્યાર્થીઓ ને જીવંત કાર્યવાહી બતાવી માર્ગદર્શિત કરવા માં આવ્યા હતા. તાલીમ ના અંત માં તમામ વિદ્યાર્થીઓની સિવિલ ડીફેન્સ વિભાગ ગુજરાત સરકાર દ્વારા પાંચમાં દિવસે લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ઉપરોક્ત તમામ દિવસે મેળવેલ તાલીમ બાબતે વિદ્યાર્થીઓ એ પરીક્ષા આપી હતી. જેના તેઓને ગુજરાત સરકાર દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા જે વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે.

સમગ્ર તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન આપવા મહેન્દ્રસિંહ એમ.રાઠોડ (ડેપ્યુટી કંટ્રોલર સિવિલ ડીફેન્સ-ગાંધીનગર) ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમ ને સફળ બનાવવા સિવિલ ડીફેન્સ વિભાગીય વોર્ડન અંજના નિમાવત નો સહકાર સાંપડ્યો હતો. તેમજ મહેશકુમાર મોઢ (ચીફ ફાયર ઓફિસર) દ્વારા મીની વોટર ટેંક ઉપલબ્ધ કરાવવા અને દિનેશભાઈ ઉપાધ્યાય (મેનેજર, રેડક્રોસ) દ્વારા ફર્સ્ટ એડ ના નિદર્શન બાબતે ખુબ મહત્વપૂર્ણ સહકાર આપવા માં આવ્યો હતો.